માસિક Shree Swaminarayan (Gujarati Monthaly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૨૯ ● ઓગષ્ટ ૨૦૨૬
Volume no. 19, • Issue No. 229 • August 2026

गुरुपूर्णिमा







પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-



એટલાન્ટા (અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા, રાજોપચાર કરતા તથા સભામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી



સિનસીનાટી મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



બાયરન (અમેરિકા) મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો કેમ્પ યોજાયો હતો.



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૨૦ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૨૯ ● ઓગસ્ટ-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી ગુરુ પૂર્ણિમાં સંદેશ ૦૬

૦૪. ઘાટીલા ગામમાં પૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે કૂવાનું પાણી મીઠું કર્યું ૧૦

૦૫. પ્રસાદીનું ગામ અંબાપુર ૧૨

૦૬. દાનપુણ્ય ૧૩

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૪

૦૮. ભક્તિસુધા ૧૫

૦૯. સત્સંગ સમાચાર ૧૯

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૮૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

અસ્મદીયમ્

પરમકૃપાળુ પરમાત્મા ખૂબ દયાળુ છે.

સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખહારી રે, વારી બહુનામીનો
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાયે દયા આણી રે,

જગતના લોકો હવામાન નિષ્ણાંતો વૈજ્ઞાનિકોએ તરહ તરહની આગાહી કરી. અંતે તો બધું ભગવાન શ્રીહરિના હાથમાં છે. સમગ્ર ગુજરાત અને દેશમાં ખૂબ વરસાદ વરસાવી દીધો.

આપણે સર્વે શ્રીહરિના આશ્રિત ભક્તો આ ચાતુર્માસમાં આપણા દરેક મંદિરમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની વિશેષ ધૂન કરજો.


શ્રી નારાયણદેવ દેશ પર્યાવરણ માટે ખૂબ જાગૃત છે. હમણાં જ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ.શ્રીરાજા અને સત્સંગી બહેનોના સમુદાય સાથે બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળાશ્રી દ્વારા છ લાખ રોપાનું ઓકસિજન પાર્ક માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

સમગ્ર ધર્મકુળ દર વર્ષે શ્રી સ્વામિનારાયણ બાગ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ, આંબલી અને આપણી સ્કુલ - કોલેજ અને પોતાના નિવાસસ્થાને નવા નવા વૃક્ષોના રોપા વાવે છે અને તેનું જતન પણ કરે છે. તે જ રીતે શહેર અને ગામો ગામના ભક્તોને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગ્રહ ભર્યું સૂચન છે કે ગામના તળાવ, રસ્તાઓ, સ્કૂલ, દવાખાના આદિ સ્થળોએ વૃક્ષો વાવજો અને તે મોટા વૃક્ષ થાય ત્યાં સુધી ખાતર પાણીથી જતન કરજો.

આપણે સૌએ ગુરુપૂર્ણિમાએ આપણા સૌના ગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કર્યું. બસ આપણે એટલું જ કરવાનું છે તેમને જે ગમે છે તે ગામો ગામ સત્સંગનું પોષણ કરી હરિભક્તોને રાજી કરશો. તો તેઓશ્રી પણ ખૂબજ રાજી થશે.

હવે આપણે સૌએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આપણા ધોળકા મંદિરના ૨૦૦ વર્ષનો **"ત્યોહાર"** ની તડામાર તૈયારીમાં લાગી જવાનું છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



શ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

तवारीज (જુલાઈ-૨૦૨૬)



૧૧ થી ૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર આટલાન્ટા (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે અને બાયરન (જ્યોર્જીયા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૫ એકાદશીના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.

૨૯ ગુરુ પૂર્ણિમા પ્રસંગે શ્રી નરનારાયણદેવના દર્શન કરી સભામાં પધાર્યા. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પા.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂજન-અર્ચન વિધિ ધામધૂમથી સંપન્ન થઈ.



પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૨૬)

૨ પીપળજ (ગાંધીનગર) ખાતે આપણા અમદાવાદ કાલુપુર મંદિર દ્વારા વૃક્ષારોપણના ભાગ રૂપે ઓકસિજન પાર્કનું નિરીક્ષણ કરવા પધાર્યા.

૩ થી ૨૬ વિદેશ સત્સંગ પ્રવાસ

૧૬ થી ૧૭ સિનસિનાટી મંદિરમાં (અમેરિકા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૮ થી ૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર આટલાન્ટા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ થી ૨૧ ટેનીસી (અમેરિકા) મંદિરમાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૧ થી ૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર લુઈસવીલ (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩ થી ૨૫ બાયરન (જ્યોર્જીયા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કેમ્પ પોતાના અધ્યક્ષ સ્થાને યોજાયો.

૨૯ ગુરુ પૂર્ણિમા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ગુરુ પૂજન-અર્ચન આદિ કાર્યક્રમ પોતાની શુભ નિશ્રામાં સંપન્ન થયું કાલુપુર મંદિર.



શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી ગુરુ પૂર્ણિમાં સંદેશ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

પ.પૂ. મોટા મહારાજશ્રી, તા. ૨૯-૦૭-૨૦૨૬ : આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આપ સૌએ અમારું પૂજન તો કર્યું પણ પૂજન કરતાયે આપનો જે પ્રેમ છે ને, એ અનેક ઘણો વધારે છે અને આ સંબંધ આજનો નથી. ૨૦૦ વર્ષનો સંબંધ છે. આપણી ઓળખાણ કોણે કરાવી ! શ્રીજી મહારાજે કરાવી. અમે મૂળ તો ઉત્તર પ્રદેશના. ઉત્તર પ્રદેશથી ધર્મકુળને બોલાવીને, અમારું કાંડું મહારાજે તમારા હાથમાં સોંપ્યુ છે. તમારે અમારી સંભાળ રાખવાની છે અને રાખી રહ્યા છો.

મારી પાસે અયોધ્યાપ્રસાદજી દાદાનો એક જૂનો પત્ર છે. અને એ ઉર્દુ ભાષામાં એમણે લખાયેલો છે. એ વખતે ઉર્દુ ભાષા એ સરકારી ભાષા તરીકે ગણાતી હતી. એ પત્ર અહીંના પોલીસ ખાતા પર લખાવેલો છે. જેમાં લખ્યું છે કે અમે ઉત્તર પ્રદેશથી અહીં આવ્યા છીએ. અહીંની ભાષા અમને આવડતી નથી, જેથી અમે બહાર ગામ વિચરણ કરતા હોઈએ ત્યારે પોલીસ પ્રોટેકશન જોઈએ. હવે તો હરિભક્તોનું પ્રોટેકશન એટલું બધું છે કે પોલીસ ને આપણે પ્રોટેકટ કરીએ.

ખરેખર, ગુરુ બનવું બહુ અઘરું છે. ૩૫ વર્ષનો મને અનુભવ છે. **બહુ અઘરું છે. કારણ કે તમારે તો ફક્ત ધર્મ પાળવાનો, જ્યારે અમારે તો પાળવાનો અને પળાવવાનો છે. બે જવાબદારી અમારી છે.** આપણા નંદ સંતોની વાતોમાં ક્યાંક વાંચ્યું હતું કે ગુરુ જ્યારે સોળ આની પાળે ત્યારે શિષ્યો ચાર આની કે આઠ આની પાળે. એટલે બહુ અઘરું કામ છે. પણ **શ્રીજી મહારાજની દયાથી આપણી અમદાવાદ ગાદીની પરંપરામાં અમારી સાથે સંતો અને હરિભક્તોનો નાતો જળવાઈ રહ્યો છે એવું નથી પણ એ નાતો દિવસે દિવસે મજબૂત થતો જાય છે.**

અત્યારની પરિસ્થિતિ જોઈએ તો અસંખ્ય ગુરુ થઈ ગયા છે. અસંખ્ય કારણ કે ગુરુ થવાનું બધાને બહુ ગમે. પગે લાગે એટલે બહુ ગમે. એક દ્રષ્ટાંત આપું. ઘણા વર્ષો પહેલા કોઈ ઉત્સવ પ્રસંગે અમે છપૈયા ગયેલા. મારી સાથે કુટુંબના એક સભ્ય હતા. ૮-૧૦ વર્ષનો નાનો બાળક જ હતો. પછી અમે દર્શન કરવા નીકળીએ એટલે સ્વાભાવિક રીતે સૌ હરિભક્તો પગે લાગતા હોય. આ જોઈને એ બાળકને થયું, મને કેમ કોઈ પગે નથી લાગતું ? પછી શું કરે એ ? બપોરે જ્યારે હું આરામ કરતો હોઉ ત્યારે એ એકલો બહાર નીકળે પગે લગાવવા. મોટા માણસો હોય એ તો માને નહી એટલે એનાથી નાના છોકરા હોય ને એને મારીને પગે લગાડે, કહે કે મને પગે લાગો ! એટલે પગે લગાડવામાં આવી મઝા આવતી હોય છે.

વિશેષ તો શું કહીએ, અમે પહેલા એક સ્લોગન બનાવ્યું હતું કે **જ્યારે ભગવાન મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરે ત્યારે અનંત જીવોનું કલ્યાણ થાય, મોક્ષભાગી થાય, અક્ષરધામના અધિકારી થાય. પરંતુ મનુષ્ય જ્યારે ભગવાન થઈને વિચરે ત્યારે ડાટ વાળી નાખે હો ! પોતે તો નર્કમાં પડે પણ સાથે અનંત જીવને નર્કના અધિકારી બનાવે. એટલે અત્યારના સમયે ગુરુ શોધવામાં સૌથી વધારે ચેતવાની જરૂર છે પણ આપણા સૌની અંદર મહારાજ બિરાજમાન છે અને છે જ એટલે કંઈ પણ પ્રશ્ન હોય તો એમને જ પૂછવું કે આ બરોબર છે કે નહીં ? મહારાજ અંદરથી ઉત્તર આપશે.** ઈવન હું તો માનુ છુ કે મોટા ક્રિમિનલ (ગુનેગાર, અપરાધી) માણસ હોય એમાં પણ ભગવાન બિરાજમાન હોય છે. એ પણ ખોટું કરે છે ત્યારે તેનો અંતરાત્મા કહેતો હોય છે કે આ ખોટું કરે છે પણ એ માણસ એ અવાજને દબાવી દે છે.

આપણી અંદર સર્વાવતારી શ્રીહરિ બિરાજમાન છે એ આપણા સૌના ગુરુ છે. એનું આપણે સાંભળીને એમની મરજી પ્રમાણે, એમને રાજી કરવા માટે જીવન જીવીએ તો કંઈ કરવાની જરૂર રહેતી નથી. હળવાશની ભાષામાં વાત કરું તો, મને લાગે છે કે એવો યુગ આવી રહ્યો છે કે લોકો ગુરુ ડોટ કોમ (Guru.com) ની વેબ સાઈટ આપશે. જેને જેવા ગુરુની જરૂર હોય તેવા ગુરુ શોધી કાઢે ! ક્યારેક ફ્રી ટાઈમમાં યુ-ટ્યુબ જોઈએ તો બહુ મઝા આવે. ક્યારેક ક્યારેક અસંખ્ય નાના મોટા જાત જાતના ગુરુઓ, જાત જાતના ઉપદેશો, જાત જાતના પહેરવેશો હોય એવું બધુ જોવા મળે પણ આપણે શીખી રાખવાનું એ છે કે **સર્વાવતારી શ્રીહરિ આપણને મળ્યા છે ત્યારે કેવા ગુરુ શોધવા ? તો એમને બતાવે એવા ગુરુ શોધવા. પોતાની જાત ને બતાવે એવા ગુરુ ના શોધવા. એવાનો તત્કાળ ત્યાગ કરી દેવો.** આપણો ઈતિહાસ કહે છે, મહારાજે આત્માનંદ સ્વામીને ગુરુ કર્યા પછી જાણ્યું કે આ તો નિરાકારવાદી છે એટલે છોડી દીધા. **ખબર પડે કે ખોટી ટ્રેનમાં બેઠા છીએ તો શાંતિથી ઉતરી જવું. કારણ કે આપણે આપણું કલ્યાણ કરવું છે.**

આજે આપ સૌ ઉત્સવમાં આવ્યા, પ્રેમ આપ્યો, ખરેખર ખૂબ આનંદ થાય છે. બીજી વાત, થોડા દિવસ પછી તિથિ પ્રમાણે લાલજી મહારાજશ્રીનો જન્મ દિવસ ઉજવવાનો છે પણ તારીખ પ્રમાણે તમને કહું તો આજે એમનો જન્મ દિવસ છે. તો **જેતલપુરના વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે આ સમે તો આ સભાનું ધાર્યું પણ થાય છે** તો સંતો અને હરિભક્તો નરનારાયણદેવને પ્રાર્થના કરજો કે તેઓ નરનારાયણદેવની ગાદીને ખૂબ શોભાવે. આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે વિરમું છું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : આજે ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે ગામડે ગામડેથી, દેશ વિદેશથી આટલી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા અને ઘણી મોટી સંખ્યામાં સંતો પણ ઉપસ્થિત છે ત્યારે **આજનો દિવસ વિશેષ એટલે છે કે આજે આપણા જે સિધ્ધાંતો છે, આપણી મૂળ જે પરંપરા છે એ દેવનું પ્રાધાન્યપણું છે અને પદનું પ્રાધાન્યપણું છે. અમદાવાદ દેશમાં અને મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોટામાં મોટી ખાસિયત એ છે કે કોઈ વ્યક્તિનું પ્રાધાન્યપણું નથી. પદનું પ્રાધાન્યપણું છે. સાથે સાથે મુખ્ય પ્રાધાન્યપણું માત્ર ને માત્ર ભગવાનનું દેવનું છે.**

આ આપણા જે સિધ્ધાંતો છે અને પરંપરા છે એ જાળવી રાખવાની છે. વિશેષ કરીને આજના દિવસે આપણે એ સમજવાની છે અને ભાવિ પેઢીને સમજાવવાની છે. કારણ કે મોટા બાપજીએ વાત કરીને કે દુનિયામાં અત્યારે અલગ અલગ બધુ ચાલે છે પણ **આપણે મૂળ સંપ્રદાય અને નરનારાયણદેવને મૂકીને ક્યાંય નથી જવાનું, જો ભટક્યા તો નુકશાન આપણે જ ભોગવવાનું છે. દેવ છે એટલે બધું છે. આપણે બધા ખૂબ ભાગ્યશાળી છીએ કે આજે નરનારાયણદેવની સમક્ષ આપણે બેઠા છીએ. આવા નરનારાયણદેવ આપણને મળ્યા છે અને એ દેવના થઈને રહેવાનું છે.**

વિશેષમાં, પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જાન્યુઆરી-૨૦૨૭ માં આવી રહેલો આપણો ધોળકાનો મોટો ઉત્સવ **"ત્યોહાર"** માટે સૌને કટિબધ્ધ થવા પ્રોત્સાહિત કર્યા હતા અને અંતમાં આપણા સૌની દેવની નિષ્ઠા મજબૂત બને એ માટે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

પ.પૂ. મહારાજશ્રી : મહારાજની અસીમ કરુણા - દયાથી આપણે બધા ભગવાનની સમક્ષ ઉપસ્થિત થયા છીએ. ભગવાન નરનારાયણદેવના આશીર્વાદથી આ પ્રાંગણ મળે છે.

શાસ્ત્રમાં જે કીધું હોય એ થોડા થોડા ટાઈમે ઘસાતું જાય છે, ક્ષેપક થતું જાય છે. ગુરુ પૂર્ણિમા શેનાથી શરૂ થઈ એ ગુગલ કરજો કાં તો યુ-ટ્યુબ કરજો. આપણે તો હેંડ્યા આવ્યા. બરોબરને ? પરંપરા શું છે, સિદ્ધાંત શું છે ? એના પાછળ, એની કથા કરવી નથી અને સંતોને પણ નહીં કહીએ કે બોલો, કારણ કે તમે જ્યાં સુધી નહી જુઓ ત્યાં સુધી યાદ પણ નહી રાખો એટલે **ગુરુ પૂર્ણિમા શેના માટે ઉજવાય છે એની જાણકારી પ્રાપ્ત કરીને એ જાણકારી અને પરંપરા જાળવી રાખજો.** જાણકારી પ્રાપ્ત કરવાનું હોમ વર્ક તમારું છે. ઈચ્છા હોય તો કરજો, ના હોય તો લોલમ લોલ ચલાવવાનું આપણે. તમે બધા મોબાઈલ તો રાખો જ છો. મોબાઈલની વાત આવી એટલે યાદ આવ્યું, હમણા બાપજીએ સરસ વાત કરી. ઉપ વર્ષ ગાદીએ બેઠા. ખૂબ અઘરું છે પણ બાપજી વખતે સોશિયલ મિડિયા નહોતું એટલે ઉપ દાડા તકલીફ પડે પણ જો **આપણને ભગવાન મળ્યા છે, પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે એની ખુમારી છે.**

મહારાજે પોતે હાથથી હાથ ઝાલીને આ પદની રચના કરી છે, ગાદીએ બેસાડ્યા અને બધાને કીધું છે કે હરિભક્તો, સંતો, અમે એમ બધાએ એક બીજાએ અરસ પરસ હેત પ્રેમ અને લાગણીથી રહેવાનું છે અને આપણે રહીએ છીએ પણ સરવાળે ભગવાનના આશરાને લીધે થઈને આ બધી વસ્તુ થાય છે.

મહારાજે વચનામૃતમાં દાખલા બહુ ઓછા આપ્યા છે, ગણતરીના આપ્યા છે. સેવકરામથી શરૂ થાય છે. મહારાજે સેવા કરી, કૃતઘ્ની જાણીને ત્યાગ કર્યો. બહુ સિમ્પલ વસ્તુ છે પણ વિચારવાની વસ્તુ છે. આત્માનંદ સ્વામીને ગુરુ તરીકે માન્યા પણ અમૂક સિદ્ધાંત મળ્યા નહી, છેડો મળ્યો નહિ એટલે એને મૂક્યા, રામાનંદ સ્વામીને પકડ્યા. હવે **વસ્તુ એ છે કે આપણને જે પરંપરા મળી છે એ પરંપરા મહારાજે સ્થાપી છે પણ આપણે એ પરંપરા ક્યાંક ક્ષેપક ન થઈ જાય, આપણી વૃત્તિ ફેરફાર ન થાય એના માટે બીજો એક દાખલો મહારાજે વચનામૃતમાં સોનાનો દોરો અને મીણના દોરાનો આપ્યો છે. તમે બધા જાણતા હશો. સોનાનો દોરો દરેક ઋતુમાં એક સરખો રહે છે. મીણનો દોરો વરસાદ કે ગરમીમાં ઢીલો પડી જાય છે. ઠંડીમાં કડક રહે છે.** મહારાજે બહુ સિમ્પલ રીતે સમજાવ્યું છે. નાનામાં નાનો હરિભક્ત હોય કે અભણમાં અભણ માણસ હોય, દરેકને ખબર પડી જાય. તો **નિષ્ઠા સોનાના દોરા જેવી હોવી જોઈએ. સુખ આવે દુઃખ આવે, જાડા થાય-પાતળા થાય, ઉંચા થાય - નીચા થાય, આગળ વધીએ પાછળ જઈએ, જે થવું હોય એ થાય પણ દેવ પ્રત્યેની નિષ્ઠા ઓછી ન થાય, આ વસ્તુ મહારાજે વચનામૃતમાં કીધી છે.** દાખલા તો હજાર વખત સાંભળીએ છીએ પણ આપણે અંતઃર્દષ્ટિ કરવાની છે. તમારે અને અમારે બધાએ એ જ વિચારવાનું છે કે દેવ પ્રત્યેની નિષ્ઠા ઓછી ન થાય. જો નિષ્ઠા ઓછી થઈ કે ગાડી કોઈ બીજે રસ્તે વળતી હોય તો સમજી લેવું કે ક્યાંક GPS માં લોચો છે, કાં તો સિગ્નલ નથી આપતી, કાં તો બેટરી ડાઉન છે. ચાર્જિંગ કરાવવું પડશે, કંઈક તો કરાવવું પડશે.

એટલે હકીકતમાં આ ભગવાન મળ્યા છે. અમે તો દેવના દર્શન કરવા આવીએ છીએ. ગુરુ થવામાં માલ નથી. બાપજીએ વિસ્તારપૂર્વક વાત કરી. **મોટા બાપજીના શબ્દોમાં કહીએ તો ગુરુ અત્યારે Entertainment (મનોરંજન - ફારસ) થઈ ગયા છે.** તમે જુઓ, હીં....હી.....હીં..... કરીને સરકસ જોવા, ખેલ જોવા ગયા હોય એમ જોઈને આવતા રહે, આ જ રહ્યું છે. બહુ વખત કીધું છે કે **અમે ગુરુ છીએ જ નહીં. ગુરુ બેઠા છે ત્યાં સામે સિંહાસનની અંદર(ભગવાન કહે કે અમે ભગવાન નથી. એવા નિર્માની પણાના આ શબ્દો આપણા પ.પૂ. મહારાજશ્રીના છે પરંતુ આપ નરનારાયણદેવ દેશના અમારા સૌના ગુરુપદે છો. છો તે છોજ કારણ કે મહારાજે આપેલુ પદ છે.)** કેમ કે ગુરુ બનવામાં મજા નથી. ચેલા હંભાળવામાં દુઃખી થઈ જવાય. તમને ખબર છે, ચેલા કરો તો મેન્ટેનન્સ કેટલું વધે ! ચાર માણસ સંભાળવાના હોય ઘેર તોય કેટલું સાચવવું પડે ! બે કે ત્રણ માણસને સાચવવાના હોય એ પણ કેટલા અઘરા પડે છે તો સંપ્રદાય સાચવવો હોય, સંપ્રદાયમાં બધાને સાચવવાના હોય તો સાંજ પડે ને ઓશિયાળો થઈને ગાદલામાં પડે ને બીમાર થઈ જવાય. પણ વજન નથી આવતું એનું કારણ આ ભગવાન છે. **આ જે પદ છે એ પદની ગરિમા હું હઈશ, લાલજી મહારાજ હશે, 'બાપજી હતા, દેવેન્દ્રપ્રસાદજી દાદા હતા, વાસુદેવપ્રસાદજી દાદા હતા, પુરુષોત્તમપ્રસાદજી દાદા કે કેશવપ્રસાદજી દાદા હતા, જેટલા થયા અને જેટલા થશે એ પદની ગરિમા ઓછી થવાની નથી. આ વાસ્તવિકતા છે. કારણ કે મહારાજે પોતે સ્થાપિત આ પદ છે.** બાકી વ્યક્તિની વ્યક્તિગત ગરિમા જે હોય છે એ પોતાના હાથની વાત હોય છે. **એ જેટલા દેવના થઈને રહેશે એટલા સંતો-હરિભક્તો એનો આદર કરશે. સંતો જેટલા દેવના થાય તો સ્વાભાવિક રીતે તમને એમના પ્રત્યે આદર થાય અને સંતો દેવના છે જ.**

એકાદશીના દિવસે અમે સંતો સાથે મિટિંગ કરી હતી. જેમાં બીજો એક નિર્ણય કર્યો છે જે પહેલેથી કહી દઈશ. આપણે જે દેશોની પધ્ધતિ ચાલુ છે એ મહારાજ વખતનું સ્થાપેલું નથી. આપણા દેશો છે. ધારો કે ધોળકા દેશ આવે, વિરમગામ આવે કે પછી ટ્રેન્ટ સીતાપુર દેશ આવે એમાં હવે નકશામાં ફેરફાર કરવાનો છે. એટલા માટે કે કોઈ રહી ન જાય. ઘણી વખત શું થાય છે કે અમુક ગામ ખોળતાય નથી મળતા. ઉત્તર ગુજરાત આખું અમેરિકા જતું રહ્યું છે, ક્યાં શોધવા અમારે ? એટલે બેલેન્સ આઉટ કરીને નકશા બનાવી, આટલો એરિયા - આટલો એરિયા એમ બીજા ગ્રુપ બનાવી લાલજી મહારાજશ્રી અને સંતો સાથે બેસીને ફાઈનલ કરી બધા ગામો ગામ હરિભક્તો ધર્માદા માટે

પહોંચી શકે એવું કરવું છે. કેમ કે બધાને ન્યાય મળે. આ મુંબઈના હરિભક્તો છે, આપણા વાલી અને આજુબાજુના ૩૨ ગામ છે. રાજસ્થાનમાં એનો ધર્માદો લેવા કોઈ જઈ શકતું નથી. કોઈક આવીને લઈ જાય છે. સંતોને વાત કરી છે. સંતોએ તૈયારી દેખાડી છે. જે જે હરિભક્તો અમદાવાદ દેશના હોય એ વિશેષ કરીને ત્યાં ધર્માદો લેવા જાય.

લાલજી મહારાજશ્રી ગઈકાલે જ અમેરિકાથી આવ્યા. શિબિર હતી. થોડા દિવસ અમે ભેગા હતા. નરનારાયણદેવની કૃપાથી ખૂબ ઉન્નતિ પ્રગતિ થઈ રહી છે. ભગવાનનું ભજન કરવાનું છે, એમના થઈને રહેવાનું છે, બીજું કંઈ કરવાનું નથી. **આશ્રયમાં રહીશું તથા આપણી જેટલી નિષ્ઠા ભગવાનમાં રહેશે એ બહું અગત્યની વસ્તુ છે.** ૧ માળા ઓછી થશે તો તમને કોઈ ઈસ્યુ નહી થાય. ઘણા લોકો કાયમ ટુકટુકિયુ લઈને ફરતા હોય છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે મહારાજ કંઈ ગણિતના માસ્તર નથી. ગણિત ના માસ્તર છે ભગવાન ? ૧૦,૦૦૦ કે ૧૧,૦૦૦ થાય પણ આપણું મગજ ક્યાંય ફરતું હોય છે !

એક ડોક્યુમેન્ટરી જોતો હતો. છ-સાત મિનિટની હતી પણ મને ઈન્ટરેસ્ટીંગ વસ્તુ લાગી. લગભગ આખો ભૂતાન દેશ Buddhist (બૌધ્ધ) દેશ છે. ૯૦% લોકો બૌધ્ધ છે. સાધુઓ હોય કે સાધ્વીઓ હોય. અમુક વરસ સુધી જ પાળવાનું, અમૂક આજીવન પાળે છે. ૧૯૯૯ સુધી ત્યાંની ગવર્મેન્ટે નક્કી કર્યું કે આપણે ટી.વી.ની જરૂ નથી. સોશિયલ મિડીયાની વાત છે એના ઉપરથી કહું છું. ૧૯૯૯ માં કેબલ આવ્યો. બહુ નાનો અને નાઈસ દેશ છે. કેબલ ટી.વી. આવ્યા પછી એક વરસ પછી ઈન્ટરવ્યું લેવા માટે, ડોક્યુમેન્ટરી બનાવવા માટે કેમેરા લઈને આવ્યા. ત્યારે એક ડોસીમા બહુ સરસ બોલ્યા કે પહેલા ભગવાનની માળા કરવી હોય તો થતી હતી. હવે આ આવ્યું ત્યારથી માળા કરવાનું ભૂલી જવાય છે. તે કહે, હવે અમારે આવું થાય છે તો છોકરાઓનું શું થશે હવે ? ટી.વી.ની આટલી અસર થતી હોય તો આવડા મોટા આપણા ખીસામાં પડ્યા છે એ આપણને હખણા બેસવા દેશે ? વિરોધ નથી પણ વાસ્તવિકતા છે.

જે કરવું હોય એ કરજો પણ ભગવાનની નિષ્ઠા ઓછી ન થાય એ જોવાનું છે. આવરણ ૧૦૦૦ છે અને આનાથીય વધારે આવશે. ભવિષ્ય બહુ ભયંકર છે. ભવિષ્યની ચેલેન્જીસ જોવા જશો તો કલ્પના નહી કરી શકો. પણ આપણી નિષ્ઠા દેવ પ્રત્યે અડગ રહે અને ભાવિ પેઢીમાં જળવાઈ રહે એ તકેદારી માટેનું વાતાવરણ આપણે રાખીને દીકરા-દીકરીઓને એ વાતાવરણ આપવાનું છે. બાકી બધું ભગવાન ઉપર છે અને ભગવાનનું કર્યું થાય છે.

આપ સૌનું, આપના પરિવારનું મહારાજ ખૂબ મંગળ કરે, ખૂબ રૂડા આશીર્વાદ આપે એ જ નરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના.

SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.

BANK NAME	:	**STATE BANK OF INDIA**
BRANCH	:	**FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001**
BENEFICIARY NAME	:	**SHREE NARNARAYAN MANDIR TRUST**
SAVING BANK A/C. NO.	:	**401 890 15898**
IFS CODE	:	**SBIN0000691**
SWIFT CODE	:	**SBININBB104**
BENEFICIARY ADDREES	:	**SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA**

Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-

If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.

ઘાટીલા ગામમાં પૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે કૂવાનું પાણી મીઠું કર્યું

- જે.પી. સ્વામી (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)



એક સમયે આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી અમદાવાદથી કચ્છ પધાર્યા હતા. કચ્છમાં ભુજ, માનકૂવા, માંડવી બંદર, કાળા તળાવ, ધમડકા વગેરે ગામોમાં ફરીને ગુજરાત તરફ પાછા વળતા હતા ત્યારે ઘાટીલા નામના ગામમાં જેઠા પટેલ કરીને એક ખેડૂત તેમજ કેટલાક હરિભક્તોએ તેમનું સન્માન કર્યું. ગામની પશ્ચિમ દિશામાં આવેલા મોટા તળાવ પાસેના ખેતરમાં મહારાજે ડેરા તંબુ તાણીને પોતાનો ઉતારો કર્યો. એકાદ દિવસનો પોરો ખાવાની સૌની ઈચ્છા હતી. એટલે સૌ આનંદથી રોકાયા.

બીજા દિવસે ઉપડવાની તૈયારી ચાલતી હતી, ત્યાં ગામના હરિભક્તોએ આવીને થોડા દિવસ રોકાઈ જવાનો આગ્રહ કરવા લાગ્યા.

જેઠા પટેલે કહ્યું કે, મહારાજ ! અમે તો અગિયાર પ્રકારની રસોઈનો સામાન કરી રાખ્યો છે. એટલે અમારી ઈચ્છા તો આપ અગિયાર દિવસ અહીં રોકાઈ જાઓ તેવી છે, ત્યાં તો આપ અત્યારે જ જવાની તૈયારી કરો છો.'

મહારાજના રસાલામાંના બીજા કોઈને રોકાવાની મુદ્દલ ઈચ્છા નહોતી. અમદાવાદ છોડે ઘણા દિવસ થઈ ગયા હતા તેથી જવા માટે સૌ ઉતાવળા હતા એટલે કંઈને કંઈ કારણો ધરીને કહેવા લાગ્યા કે આટલા બધા દિવસ રોકાવાથી આપણી સાથેના હાથી, ઘોડા અને બળદ તો જીવતાજ ન રહે.'

'કેમ, આ જનાવર જીવતા નહીં રહે એવું શેના ઉપરથી કહો છો ?' મહારાજ બોલ્યા, 'શું કંઈ રોગચાળો ફાટી નીકળવાનો છે ?'

'રોગચાળાનો કોઈ સવાલ નથી' રોકાવવા સામે વિરોધ કરનારાઓએ કહ્યું, 'આ ગામની ફરતાં ચારે બાજુ બબ્બે અઢી અઢી ગાઉના પરીઘમાં કયાંય મીઠું પાણી નથી. ગામમાં એક જ કૂવો છે અને તેમાંય દરિયા જેવું ખારું પાણી છે. આ પાણી કોઈથી પિવાય તેવું નથી. કાલે આપણે આવ્યા ત્યારની જ વાત કરીએ. બળદોને પાણી પાવા એક જણ લઈ ગયો હતો. બધા બળદોએ તો આવું ખારૂ પાણી પીધું નહીં, મોં નાખતાં જ પાણી પીધા વિના પાછા વળ્યા. પણ એક બળદે થોડું પાણી પીધું. એ બળદને આપણને માણસને જેમ પેટ બેસણું (ઝાડા) થાય તેમ કંઈક બિમારી થઈ ગઈ છે.'

તો કોઈએ કહ્યું કે 'ગામના લોકો માટે તો ઠેઠ ત્રણ ગાઉથી પીવા માટે પાણી મોટા માટલાંઓમાં ભરીને ગાડાંથી આવે છે. ત્યાં એક તળાવડીમાં બે ચાર વીરડા છે. તેમાંથી આપણા સવા ચારસો માણસ માટે પીવાનું સારૂ પાણી આટલા દિવસ કઈ રીતે પૂરૂ પડી શકશે ?'

તો એક જણે કહ્યું કે 'વળી મહારાજ ! અષાઢ મહિનો બેસી ગયો છે એટલે જો મોડા પડ્યા ને વરસાદ આવી ગયો તો અમદાવાદ પહોંચવું જ મુશ્કેલ થઈ પડશે.'

આમ બધા જ કોઈ જલ્દી અમદાવાદ માટે ઉચાળા ભરવાની જ વાતો કરવા લાગ્યા.

બધાની વાતો સાંભળીને અત્યાર સુધી ચૂપ બેઠેલા અયોધ્યાપ્રસાદજી મહારાજે ગામના એક હરિભક્ત સામે જોઈને પૂછ્યું, 'આણંદા પટેલ ! તમે શું કહો છો ? આ લોકો તો આવી વાતો કરે છે.'

ગામમાં પાણીનું દુઃખ હોવાનું કબૂલ કરતાં આણંદા પટેલે કહ્યું કે, 'તે છતાં તમારા સૌના માટે જોઈએ તેટલું પાણી અમે લાવી શકીશું.'

'બરાબર છે પણ આ જનાવરોનું શું ?' મહારાજ બોલ્યા.

'જનાવરો માટે પણ અમે પાણી લાવીશું.' આણંદા પટેલ અને બધા જ હરિભક્તોની ખૂબજ ઈચ્છા હતી કે થોડી મુશ્કેલી પડે તે ભોગવવી પણ મહારાજ થોડા દિવસ રોકાય તો સારૂં.

પણ મહારાજ સાથેના લોકો એકને એક દલીલ લઈને ઉભા ઉભા બોલ્યા કરે, 'પણ એ તળાવમાં બાંધેલો કૂવો નથી નાના નાના વીરડા છે. સૌ લોક રાત્રીના સમયમાં જ પોતપોતાના વીરડા પાસે ખાટલા ઢાળીને સૂઈ રહે છે જેથી કોઈ પાણી ચોરી જાય નહી. આવી સ્થિતિમાં ખૂબ દાખડો કરશે ત્યારે પણ આપણા આવડા રસાલા માટે જે

પાણી મળશે તે ડહોળાયેલું હશે. જે આપણા જનાવરો પણ પીશે નહીં. આવું પાણી પીએ તે તો માંદુ જ પડવાનું. આમ કહી આ બધા જણ આવા દુ:ખમાં પડવા કરતાં જલ્દી અમદાવાદ પહોંચવાની સલાહ આપવા લાગ્યા.

આ સાંભળીને ઘાટીલાના હરિભક્તો ખૂબ જ ઉદાસ થઈ ગયા. હરિભક્તોને ઉદાસ થતા જોઈ મહારાજને પણ દુ:ખ થયું. તેથી તેમણે પોતાના પાર્ષદોને કહ્યું કે આજનો દિવસ થોભી જાઓ અને જુઓ કે આવતી કાલે સવારના પહો૨માં આ ગામમાં જે એક માત્ર કૂવાનું પાણી તદ્દન ખારૂ છે તે મીઠું સાકર જેવુ થઈ જશે. એટલે તમે સૌ પીવાય તેટલું પીજો અને પાણીથી નાજો ધોજો. પછી અહીં નહીં રોકાવા માટે કોઈ કારણ નહી રહે. બાકી હરિભક્તોને નારાજ કરીને આપણાથી જઈ શકાય નહી જ.

આચાર્ય મહારાજને તો શ્રીજી મહારાજનું પીઠબળ હતું એટલે એમણે ગામના હરિભક્તોની મહેમાનગતિ માણવા માટે હા પાડી દીધી.

'એ બધું તો સાચું.' મહારાજ સાથે અખાભાઈ કરીને એક ગરાસીયા હતા તે બોલ્યા કે 'પણ જો વરસાદ આવ્યો તો શું કરીશું ? અમદાવાદ કેવી રીતે પહોંચાશે ? અહીં કાલાવાડ બાજુના પટમાં જો પાણી ભરાયા તો ચાલવા જેવું જ નહીં રહે. કેમ કે એ બાજુની માટી બહુજ ચીકણી છે એટલે પગે ચાલનારાઓની ઉપાધિનો પાર નહીં રહે. વરસાદ ચાલું થવાથી ખેડૂતો ખેતરોમાં કામે લાગી જશે એટલે વધારાના બળદ ગાડાં પણ મળી શકશે નહીં.'

'તમે ફિકર ન કરો, અખાભાઈ !' મહારાજ હૈયાધારણ આપતાં બોલ્યા, 'આપણે અમદાવાદના મંદિરમાં પહોંચીએ નહીં અને નરનારાયણ દેવના દર્શન કરીએ નહીં ત્યાં સુધી વરસાદ આવશે નહીં', આવતો હશે તો પણ અટકી જશે. તે છતાં તમને કોઈને ઉતાવળ હોય તે તમે ભલે જાઓ. બાકી હું તો અહીં રોકાઈશ. મારાથી હરિભક્તોને નારાજ નહીં કરાય.'

ઘાંટીલાના હરિભક્તોએ જાણ્યું કે મહારાજ તો રોકાવાની ઈચ્છા કરે છે પણ તેમની સાથેના લોકો નાહક વચમાં ટેંટે કરે છે. ત્યાં મહારાજે પોતાની સ્પષ્ટ જાહેરાત કરી દીધી એટલે સૌએ નરનારાયણ ભગવાનની જય બોલાવી પોતાનો આનંદ વ્યકત કર્યો.

બીજા દિવસે ખરેખર ગામ લોકોએ અનુભવ્યું કે મોઢાને પણ ન અડાડી શકાય તેવું ખારૂ પાણી હતું તે કૂવાનું પાણી મધ જેવું મીઠું થઈ ગયું હતું. ગામ લોકોના આનંદનો પાર ન રહ્યો. એક તરફ મહારાજે ગામની મહેમાનગતિ સ્વીકારી તેનો અપાર આનંદ હતો તો બીજી તરફ ગામની એક મોટામાં મોટી પાણીની તકલીફ મહારાજની કૃપાથી જ ટળી ગઈ હતી. હવે તેમને ત્રણ ત્રણ ગાઉ છેટે પાણી ખેંચવા નહીં જવું પડે, રાત્રે પાણીની ચોકી કરવા આપણે દૂર સૂવા નહીં જવું પડે. ખુશ થયેલા ગ્રામજનોએ ભારે ઉત્સવ મનાવ્યો. મહારાજનું ઠેર ઠેર અને ઘેર ઘેર સન્માન કર્યું.

મહારાજ ઘાંટીલા છોડી અમદાવાદ પહોંચ્યા ને નરનારાયણ ભગવાનના દર્શન કર્યા તે પછીના બરાબર બીજા દિવસે જ બારે મેઘ ખાંગા થઈને ધરતી ઉપર તુટી પડ્યા હતા. જાણે આટલા દિવસનું એક સામટું કેમ વરસી ન લેવું હોય ! આવું ઐશ્વર્ય જોઈને હરિભક્તો બહુ જ પ્રસન્ન થયા.

આપણા વ્રતોત્સવ

શ્રાવણ સુદ-૮ ગુરુવાર તા. ૨૦-૮-૨૦૨૬ દિલ્હી મંદિર પાટોત્સવ.

શ્રાવણ સુદ-૧૧ રવિવાર તા. ૨૩-૮-૨૦૨૬ પવિત્રા એકાદશી.

શ્રાવણ સુદ-૧૫ શુક્રવાર તા. ૨૮-૮-૨૦૨૬ મુકુટોત્સવ પૂનમ, રક્ષાબંધન.

શ્રાવણ વદ-૨ રવિવાર તા. ૩૦-૮-૨૦૨૬ શ્રીહરિ બાલમુકુન્દજીને હિંડોળેથી ઉતારવા સાંજે ૫-૦૦ કલાકે

શ્રાવણ વદ-૩ સોમવાર તા. ૩૧-૮-૨૦૨૬ ફૂલકાજલી વ્રત, બોળ ચોથ.

શ્રાવણ વદ-૪/૫ મંગળવાર તા. ૧-૯-૨૦૨૬ નાગ પંચમી, જયપુર (રાજ. ચાંદપોલ બજાર) મંદિરનો પાટોત્સવ.

શ્રાવણ વદ-૬ બુધવાર તા. ૨-૯-૨૦૨૬ રાંધણ છઠ્ઠ -બલરામ જયંતી.

શ્રાવણ વદ-૭ ગુરુવાર તા. ૩-૯-૨૦૨૬ શીતલા સાતમ.

શ્રાવણ વદ-૮ શુક્રવાર તા. ૪-૯-૨૦૨૬ રાત્રે ૧૨ શ્રીકૃષ્ણ જન્મોત્સવ, જન્માષ્ટમી, મૂળી મંદિર સમૈયો.

શ્રાવણ વદ-૧૧ સોમવાર તા. ૭-૯-૨૦૨૬ અજા એકાદશી.

શ્રાવણ વદ-૧૩ બુધવાર તા. ૯-૯-૨૦૨૬ શ્રીહરિ બાલમુકુન્દજીને હિંડોળેથી ઉતારવા સવારે ૧૦-૦૦ કલાકે

શ્રાવણ વદ-૧૪ ગુરુવાર તા. ૧૦-૯-૨૦૨૬ પીઠોરી અમાસ.

શ્રાવણ વદ-૩૦ શુક્રવાર તા. ૧૧-૯-૨૦૨૬ શિવપૂજન સમાપ્ત.

ભાદરવા સુદ-૩ સોમવાર તા. ૧૪-૯-૨૦૨૬ કેવડા ત્રીજ, શ્રી ગણેશ ચતુર્થી, શ્રી ગણેશજીની સ્થાપના.

ભાદરવા સુદ-૪ મંગળવાર તા. ૧૫-૯-૨૦૨૬ ઋષિ પાંચમ, સામા પાંચમ.

પ્રસાદીનું ગામ
અંબાપુર

- બિપીન પટેલ

"ભવસંભવ ભીતિ ભેદનં,
સુખ સંપતકરુણા નિકેતનમ
વ્રતદાનતપઃ ક્રિયા ફલં,
સહજાનંદ ગુરૂં ભજે સદા."

ગાંધીનગરથી માત્ર ૧૨ કી. મી.ના અંતરે આવેલુ અંબાપુર ગામ પોતાનું આગવું મહત્વ ધરાવે છે. અંબાપુર ગામમાં ૭૦૦ વર્ષ જૂની વાવ આવેલી છે. આ વાવ ૧૫ મી સદીમાં રૂડાબાઈ વાઘેલાએ બંધાવી હતી. પાંચ માળની રમણીય વાવ હાલ આરક્ષિત સ્થાનોમાં આવે છે. આ વાવની પાળે જ્યોતિ સ્વરૂપ "મા" જગદંબા બિરાજમાન છે. માતાજીનું સુંદર ભવ્ય મંદિર અહીં આવેલું છે. લોક વાયકા પ્રમાણે મહેમદાવાદના લલ્લુરામજી માઈ ભક્ત અંબાજી દર્શને જતાં ત્યારે અહીં વિસામો કરતાં. ત્યારે આ ગામ "બૌધસ્થળ" અને અપભ્રંશ થઈને બુડથલ તરીકે ઓળખાતું હતું. ભક્તરાજ અંબાજીથી જ્યોત લઈને પરત જતાં હતા ત્યારે આ ગામના ભાવિક ભક્તોએ આ અખંડ જયોતનું સ્વાગત – સામૈયું કરીને ધામધૂમથી ગામમાં પધરાવવા વિનંતી કરી. ત્યારે "મા" ની ઈચ્છા અનુસાર માતાજી ત્યારથી અહીં જ બિરાજમાન થયા અને "મા" ના નામ ઉપરથી જે "બુડથલ" આજે અંબાપુર થયું. આમ દિવ્ય શક્તિરૂપે માતાજી અહીં અખંડ બિરાજમાન છે.

સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી રચિત દશ ગામ ગોળ પૈકીનું ગોકુળીયું ગામ એટલે અંબાપુર ગામ. આ ગામમાં સમાજની દીકરીઓ પરણીને આવે એટલે સાથે પોતાને ગળથૂથીમાં મળેલા ઘનશ્યામ મહારાજ ને લેતા આવ્યા. આમ ગામમાં ધીમે ધીમે "સ્વામિનારાયણ" નામ ગુંજતું થયું અને સત્સંગનો પ્રચાર – પ્રસાર વધતો ગયો. સમય જતાં ગામમાં "સ્વામિનારાયણ મંદિર" માટે જરૂર ઊભી થઈ. સૌ આગેવાનોએ સાથે મળીને તે સમયના આપણા વિદ્યમાન આચાર્ય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને મંદિર કરવા માટે વિનંતી કરતાં તેઓશ્રીએ સહર્ષ આજ્ઞા આપી. સૌએ સાથે મળીને ગામમાં મંદિર બનાવવા સંકલ્પ કર્યો. આજથી ૫૦ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૯૭૬ માં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સુંદર મંદિર આકાર પામ્યું. મંદિર બનાવવા માટે અ.નિ. શાસ્ત્રી સ્વામી હરગોવિંદદાસજી, અ.નિ. સ્વામી બળદેવપ્રસાદદાસજી તથા અ.નિ. સ્વામી માધવપ્રસાદદાસજી એ મંદિર બાંધકામ તથા મૂર્તિ પ્રતિષ્ઠા આદિ પ્રસંગમાં પોતાનું ખૂબ યોગદાન આપ્યું હતું. નિજ મંદિરમાં શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજની સુંદર પટ્મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. સમગ્ર મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. ત્યારથી આ ગામમાં દિનપ્રતિદિન સત્સંગનો વ્યાપ વધતો ગયો.

સત્સંગનો વ્યાપ વધતા ગામના ભકતજનોને નૂતન સિંહાસન બનાવવાનો સંકલ્પ થયો. અને ૧૦ વર્ષ પહેલા નૂતન સિંહાસનમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ અને શ્રી રાધાકૃષ્ણ દેવની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વિદ્યમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ખૂબ ધામધૂમ પૂર્વક કરવામાં આવી.

સમયના વહેણ વહેતા ગયા ને જોત જોતામાં તો આ મંદિર ને ૫૦ વર્ષ પૂર્ણ થયા. અને તાજેતરમાં મંદિરનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કાલુપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ તા. ૬-૩-૨૬ થી ૧૦-૩-૨૬ સુધી સત્સંગિજીવન રાત્રિય કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારણઘાટ)એ કથાનું રસપાન કરાવ્યું હતું. આમ આજે તો ગામમાં સત્સંગ ખૂબ ફૂલ્યો ફાલ્યો છે અને હવે તો અડાલજ કોબા હાઈવે થી ગામનું જોડાણ થતાં હરિભક્તોને જવા આવવાનું ઘણું સરળ થઈ ગયું છે. ગામની પુરાતન વાવ, અખંડ જ્યોતિ અંબાજી માતાનું મંદિર અને શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શનનો અમૂલ્ય લાભ લેવા જેવો છે.

કાલુપુર મંદિરના સંતો માટે મેડીકલ સેવા અને વસ્ત્રદાન સ્વીકાર્ય છે

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં રહેતા સંતો માટે મેડીકલ સેવા અને વસ્ત્રદાન શ્રીનરનારાયણદેવ કોઠાર ઓફિસમાં સ્વીકારવામાં આવે છે. જે હરિભક્તોને સંતો માટે ઉપરોક્ત સેવા કરવાની ઈચ્છા હોય તેમણે કોઠાર ઓફિસમાં રકમ જમા કરાવીને પાકી પહોંચ મેળવી લેવી.



દાનપુણ્ય

- ગંગારામભાઈ એમ. પટેલ (પ્રાંતિજ)

દાન કરવું એટલે આપવું. પોતાની પાસે છે તેનો ખપ પૂરતો ઉપયોગ કરવો. જરૂર કરતાં વધારે હોય તો અન્ય જરૂરીયાતમંદ વ્યક્તિને પોતાનું અભિમાન છોડીને તેનું ગૌરવ જળવાય તે રીતે દાન આપવું.

જે એક હાથે દાન આપે છે તે બંને હાથે મેળવી શકે છે. દાનથી સમૃદ્ધિમાં ગુણકગતિએ વૃધ્ધિ થાય છે. મંદિરમાં પ્રભુને પ્રાર્થના માટે જોડાયેલા બે હાથનું જેટલું મહત્વ છે તે કરતાં દાન દેવા ઉઠેલા એક હાથનું મહત્વ વધુ છે. વાહ વાહ માટેનું દાન એ ખરેખર દાનધર્મ નથી. સમાજમાં વાહ વાહ બોલાય, સંસ્થામાં ટ્રસ્ટીશીપ મળે કે હોદ્દો મળે અને નામની તક્તિ મુકાય તેવા શરતી દાનમાં ત્યાગ-ભાવનાનો લોપ થાય છે. તેથી ગુપ્તદાન શ્રેષ્ઠદાન છે. ગુપ્તદાનનો મહિમા અનેરો છે.

જગડુશા નામના એક દાનવીરનું નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલુ છે. કારમા દુકાળની ભયંકર પરિસ્થિતિમાં જગડુશા દાન દેવા બેસે ત્યારે એક પડદો આડો રાખે. માત્ર દાન લેનારનો હાથ નીચેથી પડદા અંદર આવે. લેનાર અને દેનારનું મુખ ન દેખાય જેથી લેનારને સંકોચ-શરમ ન આવે. એ રીતે તે ગુપ્ત દાન આપ્યે જતા હતા તેથી તેમનું દાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલ છે.

દાન પ્રેમથી, હસતા હસતા અને ઉદારતાથી આપવુ જોઈએ જેથી એ દાન ઉગી નીકળે છે. સુપાત્રને દાન આપવું એ અતિ ઉત્તમ દાન ગણાય છે. કુટુંબને રીબાવીને આપેલું દાન કુટુંબના આંસુ એના દાનને ધોઈ નાખે છે. માટે ગૃહસ્થોએ કુટુંબને પીડા કરીને દાન આપવું નહીં.

સુપાત્રને દાન આપવાથી ધનાઢ્ય થાય. કુપાત્રને દાન આપવાથી દરિદ્ર થાય. માટે દાન પાત્ર જોઈને જ કરવું જોઈએ.

કાશીમાં કરોડપતિ શેઠ હતો. તેનું સદાવ્રત ચાલતું હતું. તે સદાવ્રત લેવા એક માણસ બાવાનો વેશ ધરીને સદાવ્રત લેવા આવ્યો. પછી તેણે તેમાંથી સુત્તર લીધું અને માછલાં પકડવાની જાળો બનાવીને માછલા પકડવાનો ધંધો શરૂ કર્યો. તેના આ પાપથી તે શેઠનું સર્વ નાશ પામ્યું. શેઠે કોઈ મહાત્માને પૂછ્યું તો મહાત્માએ કહ્યું, ''તારા સદાવ્રતના અન્નના પૈસાથી તેણે માછલા પકડવાની જાળ બનાવી અને અનેક માછલા માર્યા. તે પાપને લીધે તારું સર્વસ્વ નાશ થયું. પ્રભુ તારુ સારું કરશે.''

એક દિવસ ગંગા નદીને સામે કાંઠેના ગામમાં તે શેઠને પૈસા લેણા હતા તે માટે તેઓ ગંગા નદીને કાંઠે આવ્યા. તે સમયે સૂર્યાસ્ત થતાં વહાણ ન મળ્યું. તેથી શેઠ ત્યાં કાંઠે જ રાત રહ્યા. ત્યારે પેલા હત્યારા લોકો રાત્રિને સમયે તાપણી કરીને વાતો કરતા હતા કે પેલા સદાવ્રત આપનારા શેઠના પૈસા વડે આપણે જાળો કરી તે શેઠ પાયમાલ થઈ ગયા છે. શેઠે આ બધું સાંભળ્યું. જેથી તે લોકો જ્યારે સૂઈ ગયા ત્યારે તે જાળો શેઠે ગંગા નદીમાં નાખી દીધી. અને સવારે વહાણમાં બેસીને ઘેર આવીને બ્રાહ્મણોને જમાડ્યા. જેથી તે શેઠ પાછો ધનાઢ્ય થયો.

માટે દાન પાત્ર જોઈને જ કરવું જોઈએ જેથી તે દાન ઉગી નીકળે છે.

ટોરડાધામ શ્રી સ્વામિનારાયણ બીજ મંત્ર દૈનિક હોમાત્મક યજ્ઞ-અનુષ્ઠાન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા ટોરડા મંદિરમાં અ.મુ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામી રચિત શ્રી સ્વામિનારાયણ બીજ મંત્ર દૈનિક હોમાત્મક યજ્ઞ અનુષ્ઠાન સવારે ૯ થી ૧૨ સાંજે ૩-૩૦ થી ૬-૩૦ કરવામાં આવે છે. જેનાથી આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્તિ મળે છે. દુઃખ દારિદ્ર અને મુશ્કેલીઓ દૂર થાય છે અને સર્વ મનોરથ શુભ સંકલ્પ પૂર્ણ થાય છે.

સંપર્ક : મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરડાધામ
મો. : ૮૨૩૮૦ ૩૪૮૪૧

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

મે-૨૦૨૬

તા. ૭-૦૫-૨૦૨૬ — પ.ભ. પ્રકાશભાઈ મુળજીભાઈ કાચા તથા કાચા ટેલર્સ (લેસ્ટર), પ્રકાશભાઈ રમણીકભાઈ કાચા - હ. પૃથ્વીરાજ ચૌહાણ તથા કર્નલ ચૌહાણ

જુલાઈ-૨૦૨૬

તા. ૧૧-૦૭-૨૦૨૬ — શ્રી સત્સંગ સમાજ, શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર - હળવદ, શાસ્ત્રી ભક્તિનંદનદાસજી સ્વામી.

તા. ૧૨-૦૭-૨૦૨૬ — અ.નિ. પ્રભુદાસ ઉમેદભાઈ પટેલ - હ. કેનોપ ભૂપેન્દ્રભાઈ પટેલ - મેમનગર.

તા. ૧૮-૦૭-૨૦૨૬ — અ.સૌ. અંજલીબેન જીજ્ઞેશકુમાર સિંધવ - વણીવાળા - હાલ બોપલ - પુત્ર યશને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી જુલાઈ-૨૦૨૬

રૂા. ૧,૦૧,૦૦૦/- — શ્રીમતી વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ - હ. પ.ભ. ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ, મેહુલ ડાહ્યાભાઈ પટેલ, પૂરવ ડાહ્યાભાઈ પટેલ (માણસા) ગુરુ પૂર્ણિમા નિમિત્તે

રૂા. ૬૪,૦૦૦/- — સત્સંગ સમાજ. શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર - હળવદ, હ. શાસ્ત્રી ભક્તિનંદનદાસજી સ્વામી.

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "જીવનમાં અશુધ્ધ આચરણ ક્યારેય નહિ કરવાનુ"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

દરેક વ્યક્તિને પોતાના જીવનનું એક લક્ષ્ય હોય છે. ધારો કે તમારા બધાનું આજનું લક્ષ્ય એ હતું કે એકાદશીની સભામાં જવું છે. નરનારાયણદેવના દર્શન કરવા છે. એના માટે તમારે એ પ્રમાણે રસ્તાની પસંદગી કરવી પડે. નરનારાયણદેવ સુધી પહોંચવા માટે કે આ રીતે આપણે જઈશું તો જ નરનારાયણદેવ સુધી પહોંચાશે. એવી રીતે આપણે આપણા જીવનમાં શું કરવાનું છે. જે પણ લક્ષ્ય હોય એના માટે એના નિયમોને અનુસરવાનું છે. દરેક વ્યક્તિના જીવનમાં સમજણા થાય ત્યારથી શું પામવાનું છે એ પ્રમાણે આગળ વધવા માટે એની પધ્ધતિ હોય છે એ પ્રમાણે પસંદગી કરી જે માર્ગ પર ચાલવાનું છે તેના નિયમોને અનુસરવાનું છે. **જે પામવું હોય એ પધ્ધતિ પ્રમાણે આચરણ કરવું જ પડે એવું જીવન જીવવું જ પડે નહિતર 'લક્ષ્ય' પ્રાપ્ત થાય જ નહિ.** ધારો કે તમે એવું નક્કી કર્યું હોય કે મારે આધ્યાત્મિક માર્ગ પર ચાલવું છે. અને સમાધિ સુધી પહોંચવાનું છે. તો એના માટે જે કરવાનું હોય એ બધું કરો અને સાથે સાથે દારૂ પણ પીઓ. ખોટા કાર્યો પણ કરો અને એમ વિચારો કે હું આ પ્રકારના જલસા કરી લઉં પછી સારા કાર્યો સાથે કરું છું એટલે મારા પાપ ધોવાઈ જશે. એવી રીતે લક્ષ્યની પ્રાપ્તિ ક્યારેય થાય નહિ. **જે લક્ષ્ય પસંદ કર્યું હોય એના માટે એની જે પધ્ધતિ હોય એ પ્રમાણે જ આચરણ કરવું પડે.** આપણે આધ્યાત્મિક માર્ગ પર ચાલવાની શરૂઆત કરીએ છીએ તો ભક્તિથી પ્રારંભ કરવાનો હોય છે. ભગવાન સુધી પહોંચવા માટે સૌથી પહેલી શરત એ છે કે તમારું અંતઃકરણ શુધ્ધ કરવું પડે. નિષ્કામભાવથી ભક્તિ કરવામાં આવે તો ખૂબ સહેલાઈથી અંતઃકરણ શુધ્ધ થઈ જાય છે. એટલા માટે શાસ્ત્રમાં નવધા ભક્તિ બતાવી છે. એને અનુસરશો તો સહેલાઈથી ચિત્ત નિર્મળ થાય છે. **ભક્તિમાં એટલી શક્તિ છે કે ભક્તિ બધા સાધનોને આવરી લે છે. યોગી હોય, જ્ઞાની હોય તેને પણ ભક્તિ રાખવી જ પડે છે. ભક્તિ તો જોઈએ જ, ભક્તિ વગરનો જ્ઞાન કે યોગ પચતો નથી. ભક્તિમાં પોતાનામાં જ એટલી બધી શક્તિ છે તો વિચારો જ્યારે બીજા બધા સાધનોની શક્તિ પણ ભક્તિ સાથે મળી જાય તો ભક્તિ કેટલી શક્તિશાળી બની જાય.** ભક્તિ એ આધ્યાત્મિક માર્ગમાં પ્રથમ પગથિયું છે. કેમ કે સહેલાઈથી કરી શકાય છે. કોઈ નવી વ્યક્તિ સત્સંગમાં આવી હોય અને આપણે તરત જ 'વચનામૃત' આપી દઈએ તો અધરુ લાગે એને અભાવ આવી જાય. ભક્તિથી શરૂઆત કરાવીએ તો એને સરળ લાગે, ભક્તિમાર્ગ ઉપર ગમે તેવી સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી ચાલી શકે છે. ધારો કે આપણે મેલા કપડા ધોવા હોય અને સાબુ-બ્રશ બધુ હોય પણ પાણી જ ના હોય તો કેવી રીતે સાફ થશે. અને બીજુ કાંઈ ના હોય અને એકલું પાણી હોય તો થોડી ઘણી સફાઈ થશે. એવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય બધુ હોય પણ ભક્તિ ન હોય તો કંઈ નહિ થાય. અને બહુ જ્ઞાન ન હોય પણ નિષ્કામભાવથી એકલી ભક્તિ કરો તો પણ અંતઃકરણ ધીમે ધીમે શુધ્ધ થઈ જશે. અર્થાત્ ભક્તિના માધ્યમથી ધીમે ધીમે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય બધુ જ જીવનમાં આવી જશે. ભગવાનને પામવાનો આ આધ્યાત્મિક માર્ગ કહેવાય, એના ઉપર ચાલીએ છીએ અને ભગવાન સિવાય બીજા ફળની ઈચ્છા પણ રાખીએ છીએ તો એ સાંસારિક જ ગણાય. સાત્વિક ફળની આશા રાખીએ એ પણ આધ્યાત્મિક માર્ગે ચાલ્યા એવું કહેવાતું નથી. ફળની આશા વગર ભકિત કરો અને બીજુ એ ધ્યાન રાખવાનું કે **કર્તાપણાની ભાવનાનો ત્યાગ કરવાનો એનાથી જ 'હું' 'મારું' અને આસક્તિનો જન્મ થાય છે.** આખા બ્રહ્માંડનું સંચાલન ભગવાનથી જ થાય છે. એ જ આપણા જીવનનું સંચાલન પણ કરે છે. માતા હાથ પકડીને નાના બાળકને લખાવે છે. તો બાળકને એમ થાય છે કે મેં લખ્યું પણ હકીકતમાં કોણ લખે છે. 'માતા' - એવી રીતે માણસને એમ થાય છે કે 'હું કરુ છું.' હકીકતમાં ભગવાન દ્વારા થાય છે. એનો અર્થ એવો નથી કે માણસ ખરાબ કાર્ય કરે છે. એના કર્તા-હર્તા પણ ભગવાન છે. ભગવાન કઈ રીતે કર્તા-હર્તા છે તો **'ભગવાન કર્મફળ પ્રદાતા છે.'** એ ભગવાન કરે છે. કર્મ કરવાની સ્વતંત્રતા, જ્ઞાન, વિવેક,

શક્તિ, બુધ્ધિ બધુ ભગવાને માણસને આપ્યું છે. અને આપણા ભગવાન તો બધુ શીખવાડીને ગયા છે. માત્ર ઉપયોગ કેવી રીતે કરવો તે આપણા હાથની વાત છે. ઈલેકટ્રીસીટી છે તેનો ઉપયોગ પંખો ચલાવવા માટે કરો કે તમે ચોટીને મરી જાવ તેમા તમે સ્વતંત્ર છો. એટલે અહિંયા કહેવાનો અર્થ એ છે કે આધ્યાત્મિક માર્ગ પર ચાલો છો તો **'અશુધ્ધ આચરણ નહિ કરવાનું'** ચારિત્ર્ય પવિત્ર રાખવાનું તો તમારી આધ્યાત્મિકતા ટકશે. ઘડામાં કાણું હોય તો તેમાં પાણી ભરો તો ભરાશે ખરુ પણ ટકશે નહિ. **એવી રીતે તમે ગમે તેટલા સારા રસ્તે ચાલતા હોય પણ તેની સાથે તમારું આચરણ પવિત્ર નહિ હોય તો આગળ પહોંચાશે નહિ.** એટલે કુસંગથી ખાસ દૂર રહેવાનું. દરેક વ્યક્તિના મનમાં એક એવું તત્વ હોય છે કે આજુબાજુના વાતાવરણ દ્વારા તરત પ્રભાવિત થઈ જાય છે. માટે સાવધાન રહેવું પડે. **સાચા માણસો અને સારા માણસોનો જ સંગ કરવાનો** પ્રપંચથી દૂર રહેવાનું. પ્રપંચના બે અર્થ છે. એક પ્રપંચનો અર્થ છે. **'છળકપટ'** અને બીજો પ્રપંચનો અર્થ છે, **સંસાર'** અહિંયા આપણે વાત કરીએ છીએ એ સંસારની વાત છે. **જગત પ્રભુ રચિત છે અને સંસાર માનવ રચિત છે.** કેવી રીતે ? તો આ પ્રભુ રચિત જગતના માધ્યમથી ચિત્તમાં જ્યારે આશક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે એ સંસાર બની જાય છે એ પ્રપંચ છે. એ આસક્તિ આપણને અધોગતિ તરફ લઈ જાય છે. એવા પ્રપંચથી દૂર રહેવાનું. દરેક વ્યક્તિની પ્રકૃતિ જુદી જુદી હોય છે. દરેક વ્યક્તિની ખામીઓ, ખૂબીઓ, સંસ્કાર બધુ જુદું જુદું હોય છે. એ બધુ મળીને **'સ્વભાવ'** બને છે. સંજોગો પ્રમાણે દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ બદલાતુ રહે છે. વિપરિત પરિસ્થિતિમાં 'શ્રધ્ધા', 'નિષ્ઠા' બધુ બદલાઈ જાય છે. આ બધા સમય પ્રમાણે આપણા ચિત્ત અને વ્યવહાર ઉપર જે અસર થઈ જાય છે. અને એ વખતે આપણે જે વર્તન કરીએ છીએ તેને **'કાળ ધર્મ'** કહેવાય. સ્વભાવ ચીડિયો ના હોય તો પણ સંજોગો પ્રમાણે કાંઈક બોલાઈ જાય છે. પછી બીજી, ત્રીજી વખત એમ એના એ વર્તનનું પુનરાવર્તન થાય તો એ માણસનો સ્વભાવ બની જાય છે. એટલે **કાળધર્મનો ત્યાગ કરવાનો અર્થાત્ આપણાથી એક જ વખત ભૂલ થાય તો સાવધાન થઈ જવાનું, આપણી જાત પર નિયંત્રણ કરવાનું.** આધ્યાત્મિક માર્ગ પર ચાલતા હોય તો એ ખાસ ધ્યાન રાખવાનું કે ભગવાન સુધી પહોંચવા માટે એના બધા નિયમોનું શિસ્તનું પાલન કરવું પડે તો જ આધ્યાત્મિકતા ટકશે અને લક્ષ્ય પ્રાપ્ત થશે. ભગવાન આપણને બધાને એવું બળ આપે કે આપણે શિસ્તપૂર્વક આ યાત્રા પુરી કરી શકીએ.

●

"સંપ ત્યાં જંપ"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સંપની વ્યાખ્યા કરવાની કહેવામાં આવે તો દરેક વ્યક્તિના મનમાં ઉપરોક્ત વાક્ય જ પહેલું જ આવે જે **"સંપ ત્યાં જંપ"**. આમ તો સંપની કઈ વ્યાખ્યા જ નથી. પરંતુ લૌકિક દ્રષ્ટિએ જ્યાં એક કરતાં વધારે વ્યક્તિ કે અન્ય પ્રાણી એક બીજા સાથે હળી મળીને સમૂહમાં રહેતાં હોય તો તેમની વચ્ચે સંપ છે તેમ કહી શકાય. સંપ ને સમજવા માટે એક દંત કથા સાંભળીએ.

એક વખત સોનું અને લોખંડ બજારમાં ભેગા થઈ ગયા. તો સોનું લોખંડને સોની બજારમાં લઈ ગયો. ત્યારે લોખંડને એક વસ્તુ જોઈને આશ્ચર્ય થયું તેથી સોનાને પૂછ્યું કે તમને કાપે છે તો કોઈ અવાજ કેમ નથી આવતો. જ્યારે અમને કાપે ત્યારે તો અતિશય અવાજ થાય છે. અને ચિચિયારીઓ પડે છે. ત્યારે સોનાએ સરસ જવાબ આપતા કહ્યું કે, "અમને કાપવાવાળા લોખંડ છે. જે બીજી કોમના છે એટલે અવાજ નથી આવતો. જ્યારે તમને કાપવા વાળા તમારી જ કોમના છે એટલે તમને કાપતી વખતે આટલો અવાજ થાય છે.

આટલી વાત સાંભળીને લોખંડને બધી વાત સમજાય ગઈ અને લોખંડ પોતાના ગામ પાછો આવ્યો ત્યારે પોતાની કોમના બધાજ સાધનો અને હથિયારો ભેગા કરીને આ વાત જણાવી ત્યારે બધાયે પ્રાયશ્ચિત માટે અગ્નિકુંડમાં પડી એકરસ થઈને કુસંપનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. ત્યારે એ લોખંડના રસમાંથી એક સ્તંભ ઉભો કર્યો. અને પ્રહલાદને કહેવામાં આવ્યું કે "આને બાથ ભીડ ત્યારે એ સંપના પ્રતિક સમા એ સ્તંભમાંથી ભગવાન નૃસિંહ પ્રગટ થયા."

આ તો એક કાલ્પનિક કથા છે. પણ જીવનનો ઘણો ઉપયોગી સંદેશ આપી જાય છે કે જ્યાં સંપ છે ત્યાં ભગવાન પ્રગટ થાય છે. અને જ્યાં કુસંપ છે ત્યાં માત્ર દુઃખ અને પીડાજ છે. ભગવાન રામ અને તેમના ભાઈઓના સંપને કારણે તેઓ રામ રાજ્યની સ્થાપના કરી શક્યા. જ્યારે

કૌરવો અને પાંડવો સંપ ન જાળવી શક્યા જેથી મહાભારતનું નિર્માણ થયું. આજે પણ જે પરિવારમાં સંપ હોય તેના માટે કહેવાય છે કે અહીંયા તો રામાયણ પ્રવર્તે છે અને જ્યાં કુસંપ હોય તેના માટે કહેવાય છે કે અહીંયા તો મહાભારત ચાલે છે.

રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને ભૂજથી કહ્યું હતું કે થાંભલાને બાથ ભીડીને રહેજો. એ સત્સંગમાં સંપ રાખીને અને ભીડો સહન કરીને રહેવા માટેનો સંદેશ હતો.

ગુણાતીતાનંદ સ્વામી એમની વાતમાં સંપ રાખવાની જ શીખ આપી છે. એક બીજામાં સંપ હોય તો અધર્મ સર્ગ પેસવા નહી આવે. તે ઉપર મહારાજે વાત કરી છે જે, એક રાજાએ તીરનો ભાથો મંગાવ્યો ને બોલ્યા જે બળિયામાં બળિયો તેથી પણ તીરનો ભાથો ભંગાણો નહિ. પછી ભાથામાંથી એક તીર કાઢીને એક ફોશી હતો તેને કહ્યું જે, ભાંગી નાખ. ત્યારે તેણે તરત જ ભાંગી નાખ્યો. પછી એ રાજાએ મોટા મોટા ઉમરાવને કહ્યું જે, જો તમે આ તીરના ભાથાની પેઠે જૂથ રાખશો તો ગમે તેવો શત્રુ હશે તોય તમારો પરાભવ નહિ કરે. ને રાજ્ય સલામત રહેશે. આ દ્રષ્ટાંત દઈને મહારાજ બોલ્યા જે આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમને આમ સંપ રાખશો તો ગમે તેવા અંતરશત્રુ હશે તો પણ પરાભવ નહિ કરી શકે. ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે.

ભગવાને ચાર આંગળીઓ અને અંગૂઠા ઉપર ઉપદેશ આપેલો છે. એક દિવસે ચાર આંગળીઓ ભેગી થઈ. આ ચાર આંગળીઓ પત્ની છે. અંગૂઠો એનો પતિ છે. અંગૂઠો પુરુષ છે. ને આંગળીઓ નારી છે. પહેલી આંગળી (અંગૂઠા પાસેની) બોલી હું બહુ કામની છું. જે, "ભૂલ્યા ભટકતા પંથીજનોને સકલ રાહ બતાવું." કોઈ પૂછે કે ભાઈ સત્સંગ સભા ક્યાં છે ? તો પહેલી આંગળીએથી બતાવાય. કોઈ અંગૂઠાથી ન બતાવાય. એ તો પહેલી આંગળીથીજ બતાવાય.

ત્યારે બીજી બોલી વાત તારી સાચી છે. તું બધાને રસ્તો બતાવતી હોઈશ પણ મારા જેવું તારૂં કામ નહિ. હું તો એવું કામ કરૂં છું, જે તું તો દુનિયાના રસ્તા બતાવે. પણ હું તો પરલોકનો રસ્તો બતાવું છે. માળા મારી આંગળી ઉપર જ ફરે એ તો મારૂં કામ છે. ૨ આંગળીઓએ પોતાની બડાઈ પૂરી કરી. ત્રીજી આંગળી બોલી જે ઠીક છે તમે બે મોટી બેન જેવી છો એટલે ઝાઝું તો કાંઈ ન કહ્યું. પણ અમે કાંઈ નકામા તો નથી. હા પણ તમે શું કરો છો ? લલાટમાં ચાંદલો ને તિલક કરવું જ જોઈએ. લલાટે ચાંદલો કરવો હોય ને તો મારાથી થાય છે. એ વાત સાચી છે. તું શુકનવંતી છે. ચાંદલો તારાથી જ થાય છે.

હવે એ નાની બોલે છે ? કે તમે બધા મોટા મોટા ને હું નાની. હું નાના માણસને કામ લાગું છું. ગમે એવો ગરમ શિક્ષક હોઈ કોઈ છોકરૂં ઉંચું ન થાય પણ એ છોકરું મને ઉંચી કરે તો તરત જ બહાર જવાની રજા મળે છે. એટલે બધા મને કહે છે જે હું નાની છું. એટલે શોભારૂપ છું. બધા વીંટીઓ મને પહેરાવે છે. પછી ચારેય ભેગી મળી કે છે આપણે ગમે તે રીતે કામના છીએ પણ આ ઠીંગુજી અંગૂઠો તદન નકામો છે. આડો આવે છે. શોભતો નથી. ક્યાંક બહાર ફરવા ગયા હોય તો કજોડું લાગે છે. આ સાંભળીને અંગૂઠો રિસાઈ ગયો. ને પછી લગ્ન ગાળો આવ્યો. ચુરમું પીરસાયું. ધોબે ધોબે ખાંડ નાખી પછી ઘી નાખ્યુ ને ચુરમું ચોળવા લાગી. ચોળાયું નહિ. ચારેય આંગળીઓ થાળીમાં રાસ રમવા લાગી. ચુરમું ચોળાનું નહિ. એવી જ રીતે શરદી થાય ત્યારે નાક સાફ કરવા અંગૂઠાની જરૂર પડે અરે પેન પકડવી હોય તોય અંગૂઠાની જરૂર પડે. અંગૂઠા વગર આંગળીઓને આ બધી મુશ્કેલી પડવા લાગી તેથી બધી આંગળીઓએ અરજી કરી માફી માંગી. અમારી ભૂલ થઈ ગઈ. ઘેર પધારો. એટલે પછી અંગૂઠો પાછો આવ્યો. પણ જરા નીચે બેઠો. ભગવાન કહે છે મૂઠી વાળીને બાજરો ભરવો હોય તો અંગૂઠાથી દાણા બહાર આવતા નથી. આમ ભગવાને હાથની પાંચ આંગળીઓમાં પણ કેવો સુંદર ઉપદેશ મુક્યો છે. માટે સંપ રાખજો. એનો સત્સંગીની રીતે અર્થ કરીઓ તો કાંઈક નીચે મુજબ અર્થ કરી શકાય છે.

સં :- સંયમ રાખવો
પ :- પક્ષ રાખજો
રા :- રાજી રહેજો
ખ :- ખમૈયા કરજો
જો :- જોઈને ચાલજો

●

ઘોર ગુફા

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)
(શ્રીહરિ વનવિચરણ ગતાંકથી ચાલુ)

રાત્રીનો સમય થઈ ગયો છે. હિમાલયના કહેવા મુજબ વર્ણીરાજે ગુફામાં દૃષ્ટિ કરી તો સામેથી પ્રચંડ જળનો પ્રવાહ આવી રહ્યો હતો. એ જળમાં વર્ણીરાજે પ્રવેશ કર્યો.

આ ઘોર ગુફામાં ઝેરી જંતુઓ, મગરો, સાપ વગેરે અસંખ્ય ઝેરી જંતુઓ હતા. આ દશ્ય જોઈને દેવોમાં હાહાકાર મચી ગયો. જળ જંતુ જોતાં વર્ણીરાજ આગળ વધે. બધાજ ચિંતાગ્રસ્ત થઈ ગયા કે હવે કેમ થશે ? ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સતત સામે જળધારામાં ચાલ્યા.

"પેઠા ઘોર અંધારી ગુફામાં, જેમાં મોટા મોટા મણિધર કૂર્મ, કરચલા કરી રહ્યા ઘર, મીન, મગર, દાદુર જેમાં નિઃશંક મને ચાલ્યા છે તેમાં." આવી ઘોર ગુફામાંથી બહાર નીકળ્યા ત્યાં એક મોટો ધરો હતો અને તેનાં કાંઠે કેળનાં ઝાડ હતા. ત્રણ દિવસનાં ભૂખ્યા વર્ણીરાજે શાલિગ્રામની પૂજા કરી. પછી રંભાના ફળ લાવી શાલિગ્રામ ને નૈવેદ્ય કરી ચોથે દિવસે તેઓ રંભાના ફળ જમ્યા. વર્ણીરાજ આ જળચર, વનચર, ખેચર, ભૂચર જીવોના ઉદ્ધાર માટે જ આવી વિકટ યાત્રા કરી રહ્યા છે. આપનું અધમ-ઉદ્ધારક નામ સાર્થક છે. વર્ણીરાજ !

આજે પણ આ ગુફાના આપણને દર્શન થાય છે. ઘણી ઊંડી અંધારી છે અને ઉપરથી પર્વતના પત્થરોમાંથી ઝરણાં ટપક-ટપક થાય છે. હાલ આ ગુફા ગુપ્ત ગુફા તરીકે ઓળખાય છે. ગુપ્તેશ્વર મહાદેવનું સ્વરૂપ છે. અત્યારે આવી હાલત છે તો બસો વર્ષ પહેલાં વર્ણીરાજ જ્યારે આ ગુફામાં પ્રવેશ્યા હશે ત્યારે શું સ્થિતિ હશે ?

આ ગુફામાંથી એટલો પ્રચંડ પાણીનો પ્રવાહ આવી રહ્યો હતો કે જેના અવાજથી જ માણસને ભયંકરતા જણાય અને અંદર ઝંપલાવવા વિચાર પણ ન કરે. તે ગુફામાં ફક્ત ૧૨ વર્ષના બાળ શ્રીહરિએ રાત્રીને વિશે સામે પૂરે અનંત જીવોના ઉદ્ધાર માટે ઝંપલાવ્યું. આ છે શ્રીહરિની દયાળુતા.

ધ્યાન મૂર્તિ મારા વ્હાલા વર્ણીરાજ.

આવી દશા જીવો પર કોઈ અવતારમાં કરી નથી તે અસહ્ય કષ્ટ સહન કરી રહ્યા છે.

●

બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ મંદિર કરવા મોકલ્યા

- ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)

એક દિવસે મહારાજ સભામાં બેઠા હતા. ત્યારે સમાચાર મળ્યા કે જીવાખાચર માંદા છે. પછી મહારાજ જીવા ખાચરને જોવા દરબારગઢમાં ગયા. પછી મુક્તાનંદ સ્વામી કહે જીવા ખાચર આ સમયે મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખજો. તેમ શાંતિ થાય તેવી વાત કરી પછી સ્વામી ઉતારે આવ્યા પછી જીવા ખાચરે દેહ મુક્યો અને તે સમયે મહારાજે પાળા મોકલ્યા અને સંસ્કાર વિધિ કરાવ્યો. ત્યાર પછી બે દિવસ સુધી વાજા વગાડવાનું બંધ કરાવ્યું. પછી જુનાગઢથી પાળા આવ્યા તેમને મહારાજે મંદિરનાં સમાચાર પૂછ્યા ત્યારે પાળા કહે રાત ને દિવસ કારખાનું ચાલે છે અને બ્રહ્માનંદ સ્વામી નિત્યે નવાબની કચેરીમાં જાય છે. અને પછી વાતચીત કરીને પાછા મંદિરમાં આવે છે. અને જે દિવસે સ્વામી કચેરીમાં ગયા ના હોય તો માણસ મોકલીને પણ બોલાવે અને સમાગમ કરે. આથી હે મહારાજ શહેરના નાગર દબાઈ ગયા. પછી મહારાજ કહે ત્યારે તો નાગર કે વૈરાગી બોલતા બંધ થયા હશે.

તે જ્યારે ઝીણાભાઈને મહારાજે મંદિર કરવાનો કોલ આપ્યા પછી મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે તમો જૂનાગઢ મંદિર કરવા જાઓ. ત્યારે સ્વામી બોલ્યા કે તમોએ તો મને કીર્તન કરવાની આજ્ઞા કરી છે ને મંદિરમાં કામ તો સૌ કોઈ કરશે. એમ કહ્યું છે. પછી મહારાજ કહે તમો કળ ચડાવી દેજો. ને કામ કરનારા પાળા અને સાધુ જોઈએ તેટલા લઈ જાઓ. કળ ચડાવીને કીર્તન પણ કરજો. ત્યારે સ્વામી બોલ્યા કે અનંતકોટિ બ્રહ્માંડોની કળ ચડાવીને બેઠા છે ને કર્તાને અને અન્યકર્તા કહેવાઓ છો. ત્યારે મહારાજ કહે જેમ અમે બ્રહ્માંડની કળ ચડાવી છે તેમજ સત્સંગીની પણ તેવી જ કળ ચડાવી છે. ક્યાંક તો મંદિર થાય છે. ક્યાંક તો મંદિર પડાય છે.

પછી મહારાજને બ્રહ્માનંદ સ્વામીએ દંડવત્ કર્યા ને મહારાજને મળ્યા અને સાથે જનારા સંત પાળાઓને પણ મહારાજે સ્વામીને સાથે જમાડ્યા ને પછી જવાની તૈયારી કરતા હતા ત્યારે જીણાભાઈનાં બહેન આદિબા કહે મારે મંદિરમાં પાંચસો રૂપિયા આપવા છે. ત્યારે મહારાજ કહે લાવો સ્વામીને આપીએ તે રૂપિયા લાવ્યા ને પાળાને બંધાવીને સ્વામીને સોંપ્યા પછી સ્વામીને બેસવા મહારાજે એક ઘોડી આપી તથા સામાન ભરવા ગાડું બળદ આપ્યા અને સ્વામીને જૂનાગઢ મહારાજે મંદિર કરવા મોકલ્યા. તે સમયે જેતલપુરથી બે સંત આવ્યા. તેમને મહારાજને આનંદ સ્વામીના નારાયણ કહ્યા અને કહ્યું કે જેતલપુર મંદિરનું કામ રાતદિવસ ચાલે છે. પછી મહારાજ થાળ જમવા પધાર્યા જમીને પછી મહારાજ પોઢી ગયા.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમા તા. ૨૯-૭-૨૦૨૬ ને બુધવારના રોજ વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ગુરુ પૂર્ણિમા મહોત્સવ સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં દબદબા ભેર ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનુ, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે આગમન થતા જ સંત-હરિભક્તોએ નિજ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી શરણાઈના મધુર સૂર સાથે લાલ જાજમ પાથરી ને ભવ્યાતિ ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું.

શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દેવના ચરણમાં નત મસ્તક નમાવી દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા.

વિદ્વાન વિપ્રો દ્વારા સ્વસ્તી વાચન વિધિવત રીતે સંપન્ન થયા બાદ અમદાવાદ મંદિર મહંત સ્વામી, જેતલપુરના મહંત સ્વામી, આત્મપ્રકાશદાસજી, શા. સ્વામી નિર્ગુણદાસજી, અયોધ્યા મહંત શા. સ્વામી નારાયણવલ્લભદાસજી, મૂળીના મહંત સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, ઈડર મહંત સ્વામી, સ્વામી ગુરુપ્રસાદદાસજી (જમીયતપુરા), ધોળકા મહંત સ્વામી આદિ સંતોએ અને શ્રી નરનારાયણદેવ ટેમ્પલ બોર્ડના સભ્યો અને કારભારીશ્રીએ સમૂહ આરતી ઉતારી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કર્યું હતું. ત્યારબાદ આજના ગુરુ પૂર્ણિમાના યજમાન પ.ભ. ડાહ્યાભાઈ નારણભાઈ પટેલ (માણસાવાળા) તેમના ચિ. મેહુલભાઈ અને પૂરવભાઈ પટેલ આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. હવેલીમાં પણ પ.ભ. વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ આદિ બહેનોએ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી.

સભામાં પ.ભ. માવજીભાઈ પિંડોરીયા (લંડન) તેમજ પ.ભ. સંજયભાઈ, પુત્રશ્રી ભાવિકભાઈ (ઉનાવા) તેમજ વાલી મુંબઈના આપણા હરિભક્તોએ પણ પૂજન-અર્ચનનો લાભ લીધો હતો.

બાળકો માટેનું ધાર્મિક શિક્ષણના પર્ણ-૧-૨ અંગ્રેજી પ્રકાશનનું ધર્મકુળના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મહંત સ્વામીના શિષ્ય શા. સ્વામી સત્યસંકલ્પદાસજીએ (નારણઘાટ) સભા સંચાલન સુંદર રીતે કર્યું હતું. અમદાવાદ મંદિરના મહંત સ્વામીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોએ ધર્મવંશીના પૂજનનો મહા લાભ લઈ અને છેલ્લે પ્રસાદ લઈ કૃતાર્થ થયા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર હિંડોળા ઉત્સવ

ભગવાન શ્રીહરિએ આપણા સંપ્રદાયમાં ઉત્સવ-સમૈયાની અલૌકિક રીત પ્રણાલિકા ચલાવી છે. જે આ બ્રહ્માંડની અવધિ પર્યન્ત ચાલું જ રહેવાની છે. ગમે તેવા જીવને આવા ઉત્સવ સમૈયા અંતકાળે યાદ આવે તો તેનું મૃત્યુ સુધરી જાય અને તે પરમપદને પામે.

અષાઢ શ્રાવણ માસમાં આપણા સંપ્રદાયના દરેક હરિમંદિર અને શિખરબદ્ધ મંદિરોમાં ઠાકોરજી સમક્ષ અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત રોજે રોજ અવનવા ભવ્ય હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવવામાં આવે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે, પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ ના સાંનિધ્યમાં રોજે નિત્ય અવનવા ભવ્ય અલૌકિક હિંડોળા બનાવી સાંજના સુંદર દર્શન કરાવવામાં આવે છે. સેવા પ્રેમી હરિભક્તોએ સમગ્ર માસમાં હિંડોળામાં યજમાન બની સેવા કરી છે તે સૌ ઉપર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ ખૂબ રાજી થશે. અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી અને સંતમંડળે પણ તન, મનથી સેવા કરીને ભવ્ય હિંડળાનું આયોજન કરી હરિભક્તોને અલૌકિક દર્શન કરાવ્યા હતા. ઠાકોરજીના પૂજારી સંતોએ ભગવાનને અવનવા સુંદર શણગાર કરી દર્શન કરાવ્યા હતા.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની (બહેનોનું) ૧૨ કલાકની અખંડ ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના શુભ આશીર્વાદથી જેઠ સુદ-૧૦, તા. ૨૪-૬-૨૦૨૬ ના રોજ શ્રીહરિની સ્વધામ ગમન લીલાની સ્મૃતિમાં હર્ષદકોલોની બહેનોના મંદિરમાં સ્ત્રી ભક્તોએ સવારના ૬-૩૦ થી સાંજના ૬-૩૦ સુધી અખંડ ષડક્ષરી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરી શ્રીહરિને થાળ ધરાવીને સૌને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બહેનોના મંદિરમાં ભક્તિ સંબંધી કાર્યક્રમો સતત ચાલુ રહેતા હોય છે. (ગોરધનભાઈ વી. સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) કેસર સ્નાન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તા. ૨૭-૬-૨૦૨૬ ના રોજ પ.ભ. રમેશભાઈ વી. કાથરોટીયાના યજમાન પદે તેઓના પરિવાર દ્વારા શ્રીહરિનું પ્રાતઃ પૂજન બાદ જેતલપુરથી પધારેલ મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજને વેદોક્ત વિધિ અનુસાર કેસર જળથી સ્નાન કરાવવામાં આવ્યું હતું.

જેતલપુરના શા. પી.પી. સ્વામીએ સભાના રૂપમાં સૌને ચંદનના વાઘા તથા કેસર સ્નાનનો વિશેષ મહિમા કહીને સર્વે ભક્તજનના લલાટમાં પ્રસાદી ચંદનની અર્ચા કરી હતી. માસિક જનરલ સત્સંગ સભાનું આયોજન નિયમિત સંપન્ન થઈ રહ્યું છે. (ગોરધનભાઈ વી. સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વર (નરોડા)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની ઉપસ્થિતિમાં અને સ.ગુ. બળદેવપ્રસાદદાસજી, સ.ગુ. હરિજીવનદાસજીની હાજરીમાં તા. ૨૮-૬-૨૦૨૬ ને રવિવારે શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વર (નરોડા) માં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ અને સંત મંડળે સુંદર ભગવાનની કથા વાર્તાનો લાભ આપ્યો હતો. આદિશ્વર (નરોડા)ના ભક્તો એ સુંદર આયોજન કર્યું હતું. મહિલા મંડળે રસોઈ જાતે બનાવી બધા ભક્તોને પ્રસાદ તરીકે આપવામાં આવી હતી. ત્યાંના ભક્તો એ સુંદર લાભ લીધો હતો. મહારાજને ખારેકનો સુંદર અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. યુવક મંડળે સુંદર સેવા કરી હતી. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા દ્વારા આગામી મોરલીમનોહરદેવ ધોળકાધામના ૨૦૦ વર્ષ ના ત્યોહાર મહોત્સવના ઉપલક્ષમાં અનેકવિધ સત્સંગની પ્રવૃતિઓ થઈ રહી છે. જેમાં પવિત્ર અધિક માસમા તા. ૧૧-૦૬-૨૦૨૬ થી ૧૫-૦૬-૨૦૨૬ પર્યંત પંચદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા શા. પ્રેમપ્રકાશદાસજીએ સંભળાવી હતી. હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. તા. ૨૮-૬-૨૦૨૬ રવિવારના બાળ મંડળ તથા બાલિકા મંડળનું લાલોડા મંદિરથી સાપાવાડા મંદિર સુધી સાયકલ યાત્રાનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં બાળ મંડળ તથા બાલિકા મંડળના તમામ બાળકોએ ભાગ લીધો હતો. તા. ૧૧-૭-૨૦૨૬ શનિવાર એકાદશીના રોજ સત્સંગ સભાનુ આયોજન કર્યુ હતું. જેમાં ગામના તમામ હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો. આવી અનેકવિધ પ્રવૃત્તિઓ લાલોડા મંદિરના સંત મંડળ દ્વારા થઈ રહી છે. દર એકાદશીએ પ્રભાત ફેરીનું પણ આયોજન થાય છે. તમામ આયોજન લાલોડા મંદિરના કોઠારી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વામી બાલકૃષ્ણદાસજી અને શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી દ્વારા કરવામાં આવે છે. (બળવંત ભગત લાલોડા મંદિર)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગર મંદિરમાં અધિક માસ પ્રસંગે કથા પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરમાં મહાપવિત્ર અધિક માસમાં તા. ૧૧-૬-૨૦૨૬ થી તા. ૧૫-૬-૨૦૨૬ પર્યન્ત શ્રીહરિ સ્મૃતિ રાત્રીય કથા પારાયણ શા. સત્સંગસાગરદાસજી ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે મૂળી મંદિરના મહંત સ્વામી સંત મંડળ સાથે પધારી કથા વાર્તા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. (સાધુ કૃપાવત્સલદાસ, શૈલેન્દ્રસિંહ ઝાલા)

શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતાદરવાજા) ૧૬૨ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા) (ભાઈઓનું) ૧૬૨ મો પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૭-૨૦૨૬ થી તા. ૨૧-૭-૨૦૨૬ પર્યન્ત નીચેના સંતોએ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. શા. કૃપાવત્સલદાસ (મૂળી), સ્વા. સેવાવત્સલદાસ (પૂજારી મૂળી), શા. ભક્તિનંદનદાસ (મૂળી), સ્વા. મંત્રપ્રકાશદાસજી (મૂળી) આદિ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તા. ૨૧-૭-૨૦૨૬ ના રોજ મૂળીથી મહંત સ્વામી કૃષ્ણવલ્લભદાસજી અને શા. વિશ્વપ્રકાશદાસજી પધાર્યા હતા. સભામાં બન્ને સંતોએ દશાંશ વિશાંશ ધર્માદાની વાત કરી સૌને શ્રીહરિની આજ્ઞા મુજબ ધર્માદો કરવા ખાસ સૂચન કર્યુ હતું. પાટોત્સવના યજમાન પ.ભ. જગજીવનદાસ, પ્રભુદાસ સોની પરિવારને સંતોએ આશીર્વાદ આપી તેમનું યોગ્ય સન્માન કર્યુ હતું. સમગ્ર પ્રસંગ સ.ગુ. સ્વા. ભક્તિહરિદાસજીના સુંદર સહકારથી સંપન્ન થયો હતો. સાંખ્યયોગી કંચનબા અને સાથે તેમના મંડળે પધારી બહેનોને સુંદર લાભ આપ્યો હતો.

(અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

સંવત ૨૦૮૨-૮૩ ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા આવનાર સંતોની યાદી

દેશનું નામ	મંડળધારીનું નામ
કણભા	સ.ગુ. શાસ્ત્રી સ્વામી અખંડસ્વરૂપદાસજી (કાલુપુર)
બાલાસિનોર	સ.ગુ. શાસ્ત્રી સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી (કાલુપુર)
આંતરોલી	સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા)
લુણાવાડા	સ.ગુ. સ્વામી આનંદસ્વરૂપદાસજી (કાલુપુર)
અમદાવાદ(પશ્ચિમ)	સ્વામી ભક્તિજીવનદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (સેકટર-૨)
અમદાવાદ(પૂર્વ)	સ્વામી દિવ્યસ્વરૂપદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)
મારૂસણા-કટોસણા	સ.ગુ. સ્વામી અજયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ધોળકા)
ટ્રેન્ટ સીતાપુર	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર)
વિસનગર	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ.ગુ.સ્વામી હરિસેવાદાસજી (વડનગર-અયોધ્યા)
કપડવંજ	સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કાલુપુર)
વિહાર-ગેરીતા	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર-ખાણ)
વડું-ડાંગરવા	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી (કલોલ-જમીયતપુરા)
બાલવા	સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ઉનાવા)
ભાત-કાસીન્દ્રા	સ્વામી નારાયણજીવનદાસજી ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી (કાલુપુર)
વિરમગામ	સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બોપલ)
લાંઘણજ	સ.ગુ. શાસ્ત્રી સ્વામી સચ્ચિદાનંદદાસજી (કાલુપુર)
મોખાસણ	સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિગોવિંદદાસજી (કલોલ)
બનાસકાંઠા	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કોટા)
પોર-વાવોલ	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ) ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)
ધમાસણા	સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (મોટી આદરજ)
પ્રાંતિજ-મોડાસા	સ્વામી સર્વેશ્વરદાસજી ગુરુ સ્વામી અખિલેશ્વરદાસજી (કાલુપુર)
સાણંદ-ગોધાવી	કોઠાર હસ્તક
સાદરા-વાસણા	સ.ગુ. શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (કાલુપુર)
કુડાળ-રાજપુર	સ.ગુ. શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી (કાલુપુર)
સંતરામપુર	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (બદ્રીનાથ)
નળકંઠા	કોઠાર હસ્તક
ખાખરીયા	સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી (જયદેવપુરા)
ઉંઝા (સિધ્ધપુર)	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર)
શિરોહી	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (ખાણ)

સુરેન્દ્રનગર, લીંબડી, મોરબી દેશમાં નામ તથા ભેટ માટે પાર્ષદ ભગવાન ભગત ગુરુ મોહન ભગત
(શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી)

નોંધ : આ દેશમાં કોઈ નવું ગામનું નામ ઉમેરવું હોય તો બાલુ સ્વામીનો સંપર્ક કરવો

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

જેઠ સુદ-૨ પ.ભ. અ.નિ. સુશીલાબેન સુભાષચંદ્ર આદેસરા (અમદાવાદ), પ.ભ. પ્રવિણચંદ્ર શાંતિલાલ પટેલ, પ.ભ. લલીતાબેન નટવરભાઈ (અમદાવાદ), પ.ભ. અ.નિ. કલુજી કાનાજી ઠાકોર (અમદાવાદ), પ.ભ. શારદાબેન કાંતિલાલ પટેલ (અમદાવાદ). **જેઠ સુદ-૩** પ.ભ. અ.નિ. મનજી રવજી હાલાઈ (ગોડપર-કચ્છ), પ.ભ. બિપીનભાઈ ડાહ્યાભાઈ સોની (અમદાવાદ), પ.ભ. ખીમજી શામજી ભૂડીયા (કચ્છ-ભુજ). **જેઠ સુદ-૪** પ.ભ. અ.નિ. પ્રેમબાઈ મનજી હાલાઈ (ગોડપર-કચ્છ), પ.ભ. પાર્થ માધવજીભાઈ પટેલ (નિકોલ), પ.ભ. અ.નિ. હિતેષભાઈ બાબાભાઈ દેવૈયા (ખોડુ), પ.ભ. લીલાબેન દશરથભાઈ પટેલ (ન્યુ રાણીપ), પ.ભ. મેઘજી ધનજી વેકરીયા (માંડવી-કચ્છ). **જેઠ સુદ-૫** પ.ભ. કંકુબેન દેવસી વરસાણી (સુખપર-કચ્છ). **જેઠ સુદ-૬** પ.ભ. ભાનુમતીબેન ભીમજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વશરામભાઈ ભીમજીભાઈ ઠુંમર (સુરત), પ.ભ. પુરબાઈ અરજણ કેરાઈ (માંડવી- પીપાવા-કચ્છ), પ.ભ. અ.નિ. ઘનશ્યામભાઈ મુળજીભાઈ કેવડીયા (નાના ઝિંઝાવદર). **જેઠ સુદ-૭** પ.ભ.અ.નિ. પુષ્પાબેન ઘનશ્યામભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. જય દિનેશભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. કંચનબેન જયંતીભાઈ દોમડીયા (અમદાવાદ), પ.ભ. અરવિંદભાઈ વાલજીભાઈ ગુંદણીયા (નિકોલ), પ.ભ. પારૂલબેન (અમેરિકાવાળા), પ.ભ. જીવંતિકાબેન લક્ષ્મીકાંત મહેતા (અમદાવાદ), પ.ભ. કેતનભાઈ પ્રેમજીભાઈ પુરોહિત (રાધનપુર), પ.ભ. રાજન હરેશભાઈ ગોહેલ (જુનાગઢ), પ.ભ. શૈલેષભાઈ અશોકભાઈ પટેલ (સોજા). **જેઠ સુદ-૮** પ.ભ. ડાહ્યાભાઈ મોહનભાઈ પટેલ (વેડા), પ.ભ. તીર્થ મનીષભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અમૃતબેન લાલજીભાઈ ડાભી (મેમકા). **જેઠ સુદ-૯** પ.ભ. અ.નિ. કરશનભાઈ લખમણભાઈ રાબડીયા (સરલી-કચ્છ), પ.ભ. હિરબાઈ વાઘજી કેરાઈ (ભુજ-કચ્છ). **જેઠ સુદ-૧૦** પ.ભ. મુકુન્દભાઈ શાંતિલાલ ઘડીયાળી (હાલોલ), પ.ભ. હેત મહેન્દ્રભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. રામજીભાઈ લાલજીભાઈ વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. દિનેશભાઈ માણેકલાલ દેસાઈ (બાપુનગર), પ.ભ. ઈશ્વરલાલ પરબતભાઈ રાઠોડ (અમદાવાદ), પ.ભ. તેજેશભાઈ અરવિંદભાઈ દોંગા (બોપલ). **જેઠ સુદ-૧૧** પ.ભ. અ.નિ. માનબાઈ લાલજી ખેતાણી (મદનપુર-કચ્છ), પ.ભ. પ્રેમજી લાલજી રવજી ખેતાણી (મદનપર-કચ્છ). **જેઠ સુદ-૧૨** પ.ભ. અ.નિ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર (સરસપુર), પ.ભ. બિપીનચંદ્ર દવે (ઓસ્ટ્રેલીયા), પ.ભ. શકરીબેન ડાહ્યાભાઈ પટેલ (ડાંગરવા), અ.નિ. સાંખ્યયોગી દેવીબેન ધનજી ગડાની (કચ્છ), પ.ભ. અ.નિ. ગંગાબેન વિરજી ગોગારી (કચ્છ), પ.ભ. અ.નિ. નાનુબેન વાલજી પોકાર (કચ્છ), સ્વામી ધર્મસ્વરૂપદાસજી (ગઢડા). **જેઠ સુદ-૧૩** પ.ભ. વલ્કેશકુમાર હરજીવનદાસ (ગોઠીબ). **જેઠ સુદ-૧૪** પ.ભ. ભૂપતભાઈ મોહનભાઈ ગૌદાની (અમદાવાદ), પ.ભ. ચેતનભાઈ ભગવાનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભગવાનભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રાજન ચંદ્રકાન્તભાઈ બેલાણી (અમદાવાદ), પ.ભ. શ્રેયા વિરેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. કેશરબાઈ પ્રેમજી હરજી કેરાઈ (કોડકી-કચ્છ), પ.ભ. રાવજીભાઈ તરસીભાઈ પટેલ (સાબરમતી), પ.ભ. રોહિત બલર (સુરત), પ.ભ. રાકેશભાઈ ભગવાનભાઈ પટેલ (રાયસણ). **જેઠ સુદ-૧૫** પ.ભ. વિઠ્ઠલદાસ કચરદાસ પટેલ (મોખાસણ).

જેઠ વદ-૧ સાંખ્યયોગી અમરબાઈ લાલજી ખેતાણી (મદનપુર-કચ્છ), પ.ભ. અ.નિ. વિરબાઈ લાલજી કેરાઈ (મિરજાપુર-કચ્છ), પ.ભ. મીરાબેન ઉદયભાઈ નસીત (નિકોલ). **જેઠ વદ-૨** પ.ભ. દિલીપ પ્રેમજી કેરાઈ (મદનપુર-કચ્છ), પ.ભ. કમળાબેન મંગળભાઈ પટેલ (ગોતા). **જેઠ વદ-૩** પ.ભ. ગોપાલ લાલજી વેકરીયા (રામપરવેકરા-કચ્છ), પ.ભ. રાજેશકુમાર મગનભાઈ ગોળવીયા (વડોદરા), પ.ભ. અ.નિ. વિશાલભાઈ રાજુભાઈ પટેલ (ઉનાવા). **જેઠ વદ-૪** પ.ભ. ધીરૂભાઈ ખોડાભાઈ ધોરી (નાના ઝિંઝાવદર), પ.ભ. ડૉ. અશોકભાઈ વિઠ્ઠલદાસ મોદી (બાપુનગર). **જેઠ વદ-૫** પ.ભ. રિયાંશ દિનેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. શ્રી ઉમાકાંતજી તિવારી (પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળાશ્રી દ્વારા અમદાવાદ). **જેઠ વદ-૬** પ.ભ. અ.નિ. શામબાઈ વેલજીભાઈ રાબડીયા (સુખપર-કચ્છ), પ.ભ. સ્મિત વિરલભાઈ આદેસરા (મુંબાઈ). **જેઠ વદ-૭** પ.ભ. ડાહ્યાલાલ હિરાલાલ સોની પરિવાર (અમદાવાદ). **જેઠ વદ-૯** પ.ભ. દિનેશભાઈ મરઘાભાઈ પટેલ (ઝુંડાલ). **જેઠ વદ-૧૦/૧૧** પ.ભ. કપીલાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ (સાવલી). **જેઠ વદ-૧૩** પ.ભ. અ.નિ. ભીખાભાઈ અંબાલાલ ભાવસાર (સરસપુર), પ.ભ. પ્રેમબાઈ વાલજી વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ. રાજુભાઈ કાનજીભાઈ પટેલ (ગવાડા), પ.ભ. પ્રદિપભાઈ ભીખાભાઈ પટેલ (બારેજા), પ.ભ. સાવન ચેતનભાઈ વોરા (નિકોલ), પ.ભ. વસંતકુમાર નટવરભાઈ પટેલ (સોજા). **જેઠ વદ-૧૪** પ.ભ. પીયુષભાઈ અરવિંદભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. શોભના દિનેશભાઈ પટેલ (રાણીપ), પ.ભ. ચેલાજી અનાજી ચૌધરી (દાંતીવાસ-વાલી). **જેઠ વદ-૩૦** પ.ભ. અ.નિ. વાલબાઈ ભવાન વરસાણી (સામત્રા-કચ્છ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji





ગુરૂ પૂર્ણિમાંના દિવસે આપણા અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિક દેવો સમક્ષ પેંડાનો અન્નકૂટ કરવામાં આવ્યો હતો તેના દર્શન હજારો હરિભક્તો એ કર્યા હતાં.





નોક્સવીલ(અમેરિકા) આઈ.એસ.એસ.ઓ.ના નવાચેપ્ટરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



અયોધ્યા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક દર્શન





દર વર્ષે આપણા કાલુપુર મંદિરમાં કલાત્મક હિંડોળાનું આયોજન કરવામાં આવે છે. તે જ રીતે આ વર્ષે પણ હિંડોળાનું ભવ્ય આયોજન કરાયું છે.





પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથીઆપણા મંદિર દ્વારા અમદાવાદ અને માલપુર જેવા અઅનેક વિસ્તારોમાં વિદ્યાર્થીઓને ચોપડાનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026









સમગ્ર ગુજરાતને હરિયાળું બનાવવાના સંકલ્પને પરિપૂર્ણ કરવા અને ધર્મકુળના સંકલ્પથી પીપળજ - ગાંધીનગર ખાતે પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ.શ્રી રાજા અને પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા ૬ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.



નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત થઈ ગયા છે. વહેલાસર ઓર્ડર નોંધાવવો

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ દ્વારા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અને તેમને જ પસંદ કરેલ અલૌકિક દર્શનીય સુંદર નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે.(આપણા તમામ મંદિરોએ આ જ કેલેન્ડર બનાવવાના રહેશે જેમાં કોઈપણ પ્રકારનો ફેર રહેશે નહીં)
મંદિર કે હરિભક્તોએ તેમની જાહેરખબરવાળા કેલેન્ડર બનાવવા નીચેના નંબર પર સંપર્ક કરવો.

મંદિર માટે
કેલેન્ડરની કિંમત રૂા. ૧૨-૦૦
સ.ગુ.બાલુ સ્વામી : ૯૪૨૭૦૭૦૩૭૧
હાર્દિકભાઈ : ૭૭૭૯૦૫૨૦૪૮

જાહેરાત માટે
કેલેન્ડરની કિંમત રૂા. ૧૪-૦૦
વિપુલભાઈ : ૯૭૨૫૪૪૯૨૮૮
પ્રયાગભાઈ : ૯૪૨૯૦૬૭૫૮૪

નોંધ :- કેલેન્ડર મિનિમમ ૩૦૦ નંગ કરવાના રહેશે

Praful Kharsani